# મહા ગુરુકુળ વાસ

## મહાશાસનની જવાબદાર મુખ્ય સંસ્થા

આ મહાધર્મશાસનની સમગ્ર જવાબદારી કાયમને માટે ઉપાડી શકે, તેનું સંચાલન ચલાવી શકે, તેનું તેજ કાયમ ઝગમગતું રાખી શકે, જગતના જીવોને મહાશાસન પોતાને શરણે રાખી શકે, તેનો જ ઉપદેશ આપી શકે, તેનો જ પ્રભાવ ફેલાવી શકે, તેના તેજને ઝાંખુ ન થવા દે, તેવા વિશ્વના કેન્દ્ર ભૂત, પરમ (સુપ્રીમ) સ્થાન પર બિરાજમાન, સર્વની રક્ષક, સર્વની હિતચિંતક, સર્વની સદા શરણ, સર્વની સદા આશ્વાસક, લોકોત્તમ (લોગુત્તમા), એવી એક શાશ્વત **ગુરુકુળવાસ** નામની મહાસંસ્થાની અદ્દભૂત રચના તીર્થંકર ભગવંતોએ જ બતાવી છે, તત્કાલીન રચી છે. સ્થાપી છે, તે પ્રમાણે રચેલી તે મહાસંસ્થા આજે પણ વિદ્યમાન છે. પરંપરાગત ચાલી આવી છે. ચતુર્વિધ સંઘમાં તે કેન્દ્રભૂત છે. તેની બંધારણીય રચના જૈન શાસનની રચનામાં મુખ્ય અને કેન્દ્રભૂત છે. વિશ્વમાં તેનું સ્થાન અનન્ય અને અજોડ છે. તે સંસ્કૃતિની પોષક છે, રક્ષક છે, સંસ્કૃતિનો પ્રાણ છે, એક અપૂર્વ ને અનન્ય માનવી મહાસંસ્કૃતિનો પ્રાણ છે, હૃદય છે.

જગતમાંહેની રાજ્ય તંત્રની કેન્દ્ર ચક્રવર્ત્યાદિક, પ્રજાકીય, કૌટુંબિક, સામાજિક, વિગેરે દુન્યવી સંસ્થાઓ તેની સેવિકાઓ છે તેની આશ્રિત છે, તેનાથી અનુપ્રાણિત છે, તેનાથી જીવંત રહેનારી છે. અન્ય ધર્મ શાસનોના ગુરુકુળવાસોના પરમ આદર્શનો આધાર પણ આ ગુરુકુળવાસ ઉપર જ રહે છે.

"આ મહા ગુરુકુળ સંસ્થાની બંધારણીય રચના અત્યદ્દભૂત છે જ. ધાર્મિક, રાજકીય, આર્થિક, સામાજિક, કૌટુંબિક, પ્રજાકીય, વિગેરેને લગતા સર્વ બંધારણો માટે આદર્શભૂત અને અનુકરણીય તેનું જ બંધારણ છે. વિશ્વભરમાં તે બંધારણને આધારે જ પ્રાચીન કાળના સર્વશિષ્ટ બંધારણો પ્રચલિત થયા છે. અનાત્મવાદના અંશોરૂપ ઉપર જણાવેલ વાદોના પ્રચાર માટે વર્તમાન કાળે પ્રચલિત થયેલી બહુમતવાદની ભયંકર બંધારણ પદ્ધતિને બાદ કરીને વિચારીએ, તો જગતમાંના સર્વ બંધારણોનું મૂળ તેજ બંધારણ છે," એમ બંધારણોનો તાત્ત્વિક અભ્યાસ કરવાથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે. છતાં, દેશકાળના ભેદે જણાતા કેટલાક બાહ્ય ફેરફારો એ બંધારણના મૂળ તત્ત્વોની એકતાના બાધક થાય તેમ નથી.

સર્વનું હિત કરનારી સાર્વ - સર્વના હિતકર પુરુષોની આજ્ઞા જ તેની માર્ગદર્શિકા છે. એ એક જ તે બંધારણનું મૂળ તત્ત્વ સર્વત્ર અખંડ છે. જેનાથી નુકસાન થવાનો કદી સંભવ જ નથી. ભ્રમણામાં પડવાનો, છેતરાવાનો, ઠગાવાનો, દ્વૈધી ભાવ થવાનો, કલહ કંકાસનો, ખોટી અથડામણો થવાનો કદી સંભવ નથી. તે તો દીવાદાંડીની માફક સદા સીધો જ રસ્તો ચીંધે છે, સીધે માર્ગે લઈ જાય છે, ઈષ્ટ સ્થળે બરાબર પહોંચાડે છે.

સર્વત્ર શુભ ને શુદ્ધ પ્રકાશ જ પાથરે છે. સાધકોની પોતાની અશક્તિથી તેને પોતાને નુકસાન થાય, તે વાત જુદી છે. પરંતુ, આ મહાસંસ્થા તો સદા સર્વત્ર સર્વનું સર્વ પ્રકારનું કલ્યાણ જ કરનારી છે.

૧. આવી આ મહા વિશ્વસંસ્થાની બંધારણીય રચના કેવી છે? અને કેટલી ભવ્ય છે? તેની વિગતવાર રૂપરેખા હાલમાં બાજુએ રાખીને આવી ભવ્ય સંસ્થાના સંચાલકો કેવા ભવ્ય અને કેટલું ચમત્કારિક જીવન જીવનારા હોવા જોઈએ? તો જ તેઓ જગતમાં સૌથી અસાધારણ પ્રકારની આ સંસ્થાની જવાબદારી ઉપાડી શકે? તેનો સંક્ષિપ્ત ખ્યાલ પ્રથમ આ સ્થળે આપી દેવો ખૂબ જરૂરી છે અને અહીં જ પ્રસંગોપાત છે.

## આ ગુરુકુળ વાસમાં:-

પ્રથમ શ્રી તીર્થંકર પ્રભુના પ્રતિનિધિરૂપ અને સમગ્ર માનવજાતિ અને શ્રી સકલ સંઘ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવનાર મહાન જવાબદાર વ્યક્તિ ગુરુ તરીકે, પરમ ગુરુ તરીકે, તે તે કાળના પરમ પુરુષ તરીકે, લાયકાત ધરાવનાર આચાર્ય, પૂજયપાદ, પૂજય, પરમ આદર પાત્ર, અને સર્વને આદેય - વચનવાળા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રશીલ અને બીજાને આકર્ષીને તેમાં સરળતાથી ધર્મનો પ્રવેશ કરાવી શકે, તે ગુરુ, મહાગુરુ, જગદ્‌ગુરુ, ગુરુકુળ વાસના મુખ્ય અધિષ્ઠાતા હોઈ શકે.

જે તત્કાલીન માનવ પ્રજામાંથી આકર્ષાઈને અનુક્રમે ચડતા ચડતા તે ઉત્કૃષ્ટ સ્થાન ઉપર બિરાજમાન થઈ શકયા હોય, તેના જેવી લાયકાત ધરાવતી વ્યકિત તે કાળે બીજી મળી શકે તેમ ન હોય. તેથી તે જ વિશિષ્ટ વ્યક્તિ હોય;

રાજાઓ, મહારાજાઓ, વિદ્વાનો, કળાવિદો, સામાજિક ને પ્રજાકીય આગેવાનો, દેશવિદેશના ધર્માચાર્યો, સર્વ ધર્મના આચાર્યો અને દુન્યવી વિશિષ્ટ પુરુષો, સંશોધકો વિગેરેને માન્ય; સત્કાર્ય; પૂજ્ય; દૂરથી પણ પ્રશંસનીય; સ્તુત્ય અને જ્ઞાનનિધિ દીર્ઘદ્રષ્ટિ શાસનની નાવના સુકાની વ્યકિત જ ગુરુકુળ વાસના આરાધ્ય પરમ ગુરુ હોઈ શકે.

કારણ કે, મહા શાસનના મોટામાં મોટા સુકાની, સંચાલક, સંરક્ષક, વિશ્વમાં પ્રચારક, પાપની ઉત્પત્તિના ધ્વંસક, પવિત્રતા અને શુભતાના સંચારક તરીકેની સર્વ જવાબદારી ઉપાડવા માટે અસામાન્ય વ્યક્તિ જ સમર્થ થઈ શકે, જેનો પ્રભાવ વર્તમાન સમસ્ત જગત ઉપર પડી શકવો જોઈએ. તેની લાયકાત જૈન શાસ્ત્રમાં નીચે પ્રમાણે વિગતવાર વર્ણવવામાં આવી છે:

ઉત્તમ વ્રતધારી,  
ઉત્તમ શીલધારી,  
દઢ રીતે વ્રતોનું પાલન કરનાર,  
દઢ રીતે ચારિત્રનું પાલન કરનાર,  
નિદાન કરવા યોગ્ય - સંપૂર્ણ સાંગોપાંગ - ખોડખાંપણ વગરનું શરીર ધરાવનાર,  
લાયકાત ધરાવનાર, પૂજા યોગ્ય, માનનીય,  
રાગરહિત,  
દ્વેષરહિત,  
મોહ અને મિથ્યાત્વ રૂપમેલ અને કલંક વગરના,  
શાંત,  
જગતની મર્યાદાઓ, પરિસ્થિતિના સારી રીતે જાણકાર,  
ઉચ્ચ પ્રકારના વૈરાગ્ય-માર્ગમાં સારી રીતે ભીંજાયેલા,  
સ્ત્રીને લગતી વાતો (ચર્ચા)ના વિરોધી, તે તરફ અણગમો ધરાવતા હોય,  
ભકતની વાતો (ખાનપાનની ચર્ચા)ના વિરોધી,  
ચોરોની વાતોના વિરોધી,  
રાજાને લગતી વાતોના વિરોધી,  
દેશને લગતી વાતોના વિરોધી,  
અત્યંત દયાળુ,

ભવમાં થનારા દુઃખોથી ભય પામતા હોય, ભવભીરૂ, કુશીલના વિરોધી,
શાસ્ત્રોના રહસ્યોના પૂરા જાણકાર,
શાસ્ત્રોના રહસ્યોને અમલમાં મૂકનારા,
રાત અને દિવસના પ્રત્યેક સમયે ક્ષમા - અહિંસારૂપ દશ પ્રકારના મુનિ ધર્મમાં પરોવાયેલા રહે,
રાત અને દિવસના પ્રત્યેક સમયે બાર પ્રકારની તપશ્ચર્યામાં સાવધાન રહે,
પાંચ પ્રકારની સમિતિના પાલનમાં નિરંતર સારી રીતે ઉપયોગવંત રહે,
ત્રણ પ્રકારની ગુપ્તિથી નિરંતર સારી રીતે ગોપવાયેલા રહે,
અઢાર હજાર શીલાંગના પોતાની જ શક્તિથી આરાધના કરી રહ્યા હોય,
સત્તર પ્રકારના સંયમની એકાંતથી, પોતાની શક્તિથી, વિરાધના ન કરતા હોય,
ઉત્સર્ગથી વ્રતનું પાલન કરવામાં રુચિ ધરાવતા હોય,
શિથિલતા ન આવી જાય, તેને માટે જાગ્રતિ રાખતા હોય,
તત્ત્વમાં રુચિ ધરાવતા હોય,
શત્રુ પક્ષ અને મિત્ર પક્ષ ઉપર સમભાવ ધારણ કરી રહેતા હોય,
ભયના સાતેય સ્થાનકોથી મુક્ત હોય,
મદના આઠેય સ્થાનોનો ત્યાગ કરી ચૂકયા હોય,
નવેય પ્રકારની બ્રહ્મચર્ય વ્રતની ગુપ્તિમાં વિરાધના થઈ જાય, તો કંપતા હોય, ભય પામતા હોય,
આર્ય (પવિત્ર, ઉચ્ચ) કુલમાં જન્મ્યા હોય,
કૃપણ, ક્ષુદ્ર સ્વભાવ વગરના હોય,
આળસ વગરના હોય,
સંપત્તિ વર્ગના પ્રતિપક્ષી, વિરોધી હોય,
કાયમ ધર્મોપદેશ આપતા હોય,
કાયમ ઓઘ સામાચારીની પ્રરુપણા કરતા હોય,
મર્યાદામાં રહેતા હોય,
અ-સામાચારીથી ભય પામતા હોય, સામાચારીનો ભંગ ન થવા દેતા હોય,
આલોચનાને લાયક જીવોને પ્રાયશ્ચિત આપવાનું સામર્થ્ય ધરાવતા હોય,
વંદન માંડલીની વિરાધનાના જાણકાર,
પ્રતિક્રમણ માંડલીની વિરાધનાના જાણકાર,
પાંચ પ્રકારના સ્વાધ્યાયની માંડલીની વિરાધનાના જાણકાર,
વ્યાખ્યાન - સૂત્રાર્થનું વિવેચન કરવાની માંડલીની વિરાધનાના જાણકાર,
આલોચના માંડલીની વિરાધનાના જાણકાર,
ઉદ્દેશક માંડલીની વિરાધનાના જાણકાર,
સમુદ્દેશક માંડલીની વિરાધનાના જાણકાર,
પ્રવ્રજ્યા - મુનિપણાની વિરાધનાના જાણકાર,
ઉપસ્થાપનાની વિરાધનાના જાણકાર,
ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાની વિરાધનાના જાણકાર,

કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ અને ભવાન્તર, તે સર્વના ભેદોના વિચક્ષણતાપૂર્વક જાણકાર,

કાળ, ક્ષેત્ર, દ્રવ્ય અને ભાવના આલંબનોના બહાનાથી રહિત.

બાળ, વૃદ્ધ, ગ્લાન, શિષ્ય, શૈક્ષ, સાધર્મિક અને આર્યાને અવસ્થાપના કરવામાં-સ્થિર કરવામાં કુશળ,

જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપના ગુણોનું પ્રતિપાદન કરનારા,

ચરણ (સિત્તરી) અને કરણ (સિત્તરિ)ના ધારક,

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના ગુણોના પ્રભાવક,

સમ્યક્ત્વમાં પૂરા દૃઢ,

કોઈની પણ ગુપ્ત વાત જાહેર ન થઈ જાય, તેને માટે સદા જાગ્રત,

ધૈર્યશીલ,

ગંભીર,

અત્યંત સૌમ્ય લેશ્યાધારી,

તપરૂપી તેજને લીધે સૂર્યની માફક કોઈથી પણ ઝંખવાણા ન પાડી શકાય તેવા,

પ્રાણ જાય, દેહ પડી જાય તો પણ છયેય કાયના જીવોના સમારંભના સર્વથા ત્યાગી,

તપ, શીલ, દાન, ભાવનારૂપ ચારેય પ્રકારના ધર્મમાં અંતરાય પાડવાથી ભય પામતા હોય,

સર્વ પ્રકારની આશાતનાઓ કરવાથી ભય પામતા હોય,

ઋધ્ધિગારવ, રસગારવ, સાતાગારવ, આર્તધ્યાન, રૌદ્ર ધ્યાનથી રહિત,

સર્વ આવશ્યક ક્રિયાઓમાં સાવધાન હોય,

ઊંચા પ્રકારની લબ્ધિઓ ધરાવતા હોય,

આવી પડેલી પીડાઓમાં ખેંચાઈ જવા છતાં, અવદ્ય પાપનું આચરણ ન જ કરે,

બહુ ઉંઘણશી ન હોય, અલ્પ નિદ્રાવાળા હોય,

બહુ ખાઉધરા ન હોય, મિતાહારી હોય,

સર્વ પ્રકારની આવશ્યક ક્રિયાઓમાં, સર્વ પ્રકારના સ્વાધ્યાય ધ્યાનોમાં, સર્વ પ્રકારના સુધ્યાનોમાં, સર્વ પ્રકારની પ્રતિમા વહન કરવામાં, સર્વ પ્રકારના અભિગ્રહ ધારણ કરવામાં, ભયંકર પરિસહો અને ઉપસર્ગોમાં પણ જરાય પરિશ્રમનો અનુભવ ન કરતા હોય,

ઉત્તમ ઉત્તમ પાત્રોનો સંગ્રહ કરવાની ટેવ રાખતા હોય,

અપાત્ર, અયોગ્ય, ચીજને પરઠવવાની વિધિના જાણકાર,

સુદૃઢ શરીરધારી હોય,

પરશાસ્ત્રો અને સ્વશાસ્ત્રોના મર્મના ખૂબ જાણકાર, ક્રોધ, માન, માયા, લોભ, મમતા, રતિ, હાસ્ય, રમત, કંદર્પ અને ઘણા વાતોડિયાપણાથી રહિત હોય,

ભવ્ય પ્રાણીઓને ધર્મકથા વડે કરીને સંસારમાં રહેવાથી અને વિષયોની આસક્તિ વિગેરેથી વૈરાગ્ય ઉપજાવીને પ્રતિબોધ પમાડતા હોય.

તે ગચ્છના નાયક થવા યોગ્ય હોય છે.

તેને ગણી - આચાર્ય સમજવા,

તેને ગણીધર તુલ્ય સમજવા,

તેને તીર્થરૂપ-શાસનરૂપ સમજવા,

તેને તીર્થંકર (તુલ્ય) સમજવા,

તેને અરિહંત તુલ્ય સમજવા,

તેને કેવળ જ્ઞાની તુલ્ય સમજવા,

તેને જીનેશ્વર તુલ્ય સમજવા,

તેને શાસનના પ્રકાશક સમજવા,

તેને વંદન કરવા યોગ્ય સમજવા,

તેને પૂજા કરવા યોગ્ય સમજવા,

તેને નમસ્કાર કરવા યોગ્ય સમજવા,

તેને દર્શન કરવા યોગ્ય સમજવા,

તેને મહાપવિત્ર સમજવા,

તેને મહાકલ્યાણરૂપ સમજવા,

તેને મહામંગળરૂપ સમજવા,

તેને સિદ્ધિરૂપ સમજવા,

તેને મુક્તિરૂપ સમજવા,

તેને શિવરૂપ સમજવા,

તેને મોક્ષરૂપ સમજવા,

તેને ત્રાતા-રક્ષક સમજવા,

તેને સન્માર્ગરૂપ સમજવા,

તેને ગતિરૂપ સમજવા,

તેને શરણરૂપ સમજવા,

તેને સિદ્ધ, મુકત, પાર પહોંચેલા, દેવ, દેવોના દેવ સમજવા.

આવા મહાપુરુષને,

ગણના નાયક બનાવવા,

ગણના નાયક બનાવરાવવા,

ગણના નાયક બનાવવાની અનુમોદના કરવી,

ઉપર જણાવ્યા તેવા, વિશ્વને પાપથી દૂર રાખી કલ્યાણ માર્ગમાં સ્થિર રાખવામાં સમર્થ, મહાશાસનની મહાગુરુકુળવાસ સંસ્થાના નાયક, નેતા, અગ્રણી સંચાલક, અધિનાયક કેવા હોવા જોઈએ? તેનો ઘણો ખરો ખ્યાલ ઉપરની હકીકત ઉપરથી બરાબર આવી શકે છે. રાજાઓ, મહારાજાઓ,સંશોધકો, વિદ્વાનો, કલાવિદો, અધિકારીઓ, માંત્રિકો, તાંત્રીકો વિગેરેનો આવા મહાપુરુષો આગળ શો હિસાબ હોઈ શકે? તેઓ સર્વે જેમની આગળ હાથ જોડીને ઉભા રહે, તેવા મહાપુરુષ કેટલી ઉચ્ચ કોટિના વિશ્વકલ્યાણના કાર્યક્ષેત્રમાં જોડાયેલા હોય? તેની કલ્પના કરવી પણ મહામંગલકારી છે. વિશ્વના સાંસ્કૃતિક સર્વ સુતંત્રોના પ્રાણ સમાન, અદ્‌ભુત શક્તિ સમાન, અદ્‌ભુત સામર્થ્ય સમાન, એવા મહાપુરુષોને - એ મહાશાસન જ પકાવી શકે. એ મહાશાસન જ આકર્ષી શકે. એ મહાશાસન જ પોતાના ગુરુકુળવાસમાં નિયોજી શકે. એ મહાશાસન જ તેનો વિશ્વ કલ્યાણમાં સદુપયોગ કરી શકે. એ મહાશાસન જ

રાજરાજેશ્વરોને અને ચક્રવર્તિઓને પણ તેમની મારફત સ્વકર્તવ્યનિષ્ઠ રાખી શકે. ને નમ્ર સેવકો બનાવી શકે તથા તે મહાશાસન જ તેમની મારફત પ્રજાના સર્વ પ્રકારના નેતાઓનું પણ નેતૃત્વ ચલાવરાવી શકે.

આ ઉપરથી એવી શંકાકુશંકામાં પડવાની આવશ્યકતા નથી કે, ''આ કાળે આવી મહાગુરુકુળ સંસ્થાનું એવું તેજ નથી. આવા તેના નેતા નથી. માટે હવે તેનાથી લાભ શો?

અને, તેનું અસ્તિત્વ ટકાવવામાં ફાયદો શો?''

આ જાતની માનસિક વિચારણા પણ ન આવવી જોઈએ.

કેમ કે:

અત્યારે પ્રથમના વખતના જેવા સ્ત્રી, પુરુષ, ઝાડો, જમીનમાં રસકસ, વિગેરે નથી. માટે આપણે હાથ જોડીને બેસી રહેતા નથી. પણ જે છે, તેનાથી ચલાવીને કર્તવ્ય કરીયે છીએ. તે પ્રકારે - જે કાળે જે પરિસ્થિતિ હોય, તેમાંથી પણ તે કાળની દૃષ્ટિએ જે વિશિષ્ટ વ્યક્તિ મળી આવે, તેને જ તે કાળને માટે પૂરા યોગ્ય મહાપુરુષ જ સમજી લેવા જોઈએ. તેની નિશ્રા, એ જ શરણરૂપ હોય છે. તેમનાથી જ કામ લેવાનું હોય છે. જેમ તેઓ પણ કાળને અનુરૂપ હોય છે, તે પ્રમાણે બીજા પદાર્થો પણ કાળને અનુરૂપ જ હોય છે. એટલે જ તેવા મહાપુરુષની સર્વોપરિ શ્રેષ્ઠતા અખંડિત રીતે ટકી શકે છે. જો કે કાળદોષને લીધે જેટલી ન્યૂનતા આવી છે, તેના પ્રમાણમાં મહાશાસનની શિસ્ત અને આજ્ઞાનો ભંગ કરી અનેક મતો, પંથો, ધર્મો, સંપ્રદાયો, દર્શનો, ધર્મશાસનો, સાંસ્કૃતિક બુદ્ધિભેદ, વિગેરે પ્રચલિત થઈ જવાથી કેટલેક અંશે માનવ જાતિમાં જે અરાજકતા ઉત્પન્ન થઈ છે, તેના પ્રમાણમાં પાપેય વધ્યું છે. પુણ્યબળ ઘટયું છે. માનવજાત અને પ્રાણીઓના જીવન કલુષિત અને દુઃખી થયા છે. નબળા અને પરાભવ પામનારા થયા છે. એ પરિણામ સ્પષ્ટ જ છે. છતાં, જે કાંઈ પણ મહાશાસનનો પ્રભાવ જેટલે અંશે પ્રકાશવંત છે, તેટલે અંશે જ માનવોને અને પ્રાણીઓને સુખ મળે છે. અણુ પ્રમાણ પણ મહાશાસનનું તેજ કિરણ ઝાંખુ પડે કે - અનંત જીવોને કાંઈને કાંઈ હાનિ થાય જ. આ ૨×૨ = ૪ જેવો જ હિસાબ છે.

છતાં, તે જ શરણ છે. તે જ ગતિ છે. તે જ ત્રાણ છે. તે જ આધાર છે. તે જ આશરો છે. માટે તે જે કાળે જેવા રૂપમાં સુસંગઠિત, સુશિસ્ત, સુવ્યવસ્થિત રહી શકે તેવા રૂપમાં રાખવા માટે - તન-મન-ધન સર્વસ્વનો ત્યાગ સદાયે માનવજાતે આપ્યા જ કરવાનો છે, સદાયે મહાપ્રયાસો કરવાના જ છે. સર્વોત્કૃષ્ટ જીવન જીવવાનો દૃઢ આગ્રહ રાખ્યા જ કરવાનો છે. આ જ સાચો સત્યાગ્રહ છે. બાકી તો સત્યાગ્રહને નામે કેવળ સત્યાગ્રહાભાસ ચાલી રહેલો સમજવો જોઈએ. તેના પ્રત્યેની ફરજ બજાવવામાં શકિત છૂપાવનાર ગુનાપાત્ર છે.

આ ઉપરથી સહેજે જ સમજી શકાય તેમ છે કે, આ મહાશાસનમાંથી જે જે નવા દર્શનો ઊભા થવાથી તથા નવા નવા ધર્મશાસનો ઊભા થવાથી તથા દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી, એકાંત નિશ્ચયનયમતી તથા બીજા નાના મોટા સંપ્રદાયો, મતો, પંથો, ઉભા થવાથી જે બુદ્ધિભેદ ઉત્પન્ન થયા છે, તેથી વિશ્વ કલ્યાણના માર્ગમાં એક અનર્થકારી બુદ્ધિભેદોત્પાદક વિઘ્નો ઊભા થાય છે. તેથી, સર્વની ફરજ છે કે, દરેકે મહાશાસનના સાંગોપાંગ વફાદાર બની જવું જોઈએ અને મતો પંથો ઊભા ન કરવાં તે પણ એક વફાદારી છે. પરંતુ, આજે જે રીતે ધાર્મિક અને જ્ઞાતિ - જાતિઓના સામાજિક ભેદ - ભાવો ભૂલી જવાનો ઝેરી પવન ફેલાયો છે, તે રીતે એકતા - શંભુમેળો કરી નાખવામાં મહા અનર્થ છે. આજની આ એકતા મહાશાસનની વફાદારી ખાતર, મહાશાસન તરફનો બુદ્ધિભેદ દૂર કરવા ખાતર કરવામાં આવતી નથી.

પરંતુ, તે એકતા, માનવ જીવનમાં અનાત્મવાદને સ્થાન અપાવી આત્મવાદના પાયા ઉખેડવા માટે છે, યા મહાશાસનમાંથી પ્રાચીન કાળમાં જુદા પડેલા કોઈ એક બહારના ધર્મને વિશ્વ વ્યાપક કરી, મહાશાસનનો પ્રભાવ વધુ મંદ પાડવાના પ્રયત્નમાં, તે જાતની મહાઆશાતના કરવાના પ્રયત્નમાં સહાય લેવા માટે તે એકતા કરવામાં આવે છે, જે ભયંકર રીતે વિનાશક છે. જે જરાપણ સત્કાર પાત્ર નથી, ઉત્તેજન પાત્ર નથી, ઉપાદેય નથી. તેથી

[illegible] ધર્મ પરિષદ, વિશ્વ ધર્મ પરિષદ, ધર્મ પરિષદ કે વિશ્વ શાંતિ પરિષદ વિગેરે તેની પ્રચારક સંસ્થાઓ [illegible]શાસ્ય છે.

જુદા જુદા પાત્ર જીવોને, જુદા જુદા ક્ષેત્રોના, જુદા જુદા ધર્મો - ધર્મશાસનો, સંપ્રદાયો, માર્ગો, પંથો મારફત કુદરતી રીતે પોતપોતાને યોગ્ય ધર્મકર્તવ્યો તથા સાંસ્કૃતિક અન્ય કર્તવ્યો મળી રહે છે. તે પણ જુદા જુદા નયોથી મહાશાસનના યોગ્ય માર્ગો હોવાનું સિદ્ધ કરી શકાય તેમ હોવા છતાં, જેટલે અંશે મહાશાસનની છત્રછાયાથી માનવોને તેઓ સર્વ માર્ગથી દૂર રાખે છે, તેટલે અંશે નુકસાનકારક થાય છે તથા જગતને કાંઈક કાંઈક હાનિ કરે જ છે. એ નિઃસંશય છે.

મહાશાસન સ્વયં - મહા અહિંસારૂપ છે. મહાસત્યરૂપ છે. તેનાથી જેટલે અંશે દૂર જવાય, તેટલે અંશે હિંસા અને અસત્ય પ્રવર્તે છે. ત્યારે અનાત્મવાદનો પ્રભાવ જેટલે જેટલે અંશે માનવોના જીવનમાં સ્થાન પામતો જાય, તેટલે તેટલે અંશે મહાહિંસા અને મહાઅસત્ય પ્રવર્તે. ભલે બહારથી હિંસા કે અસત્ય ન પ્રવર્તતા દેખાય, અહિંસા અને સત્યનો ધ્વનિ ગુંજે, પરંતુ હિંસા અને અસત્યના પ્રવાહ વધતા જતા હોય છે. આ વિશ્વની આજની મહાઅશાંતિનું રહસ્ય છે. માટે જેમ બને તેમ મહાશાસનના મૂળ કેન્દ્રભૂત ગુરુકુળવાસનું પૂરેપૂરું રક્ષણ કરવું. તેની પ્રતિષ્ઠા, અને પ્રભાવના કરવી. તેમની તરફ પૂરા વફાદાર રહેવું. જેમ બને તેમ તેની નજીક રહેવું. તેનાથી દૂર રાખનારી ગમે તેવી આકર્ષક અને વર્તમાન સાધનસંપન્નયુક્ત સંસ્થા હોય, તેનાથી દૂર રહેવું એ જ કર્તવ્ય ઠરે છે. પરમ કર્તવ્ય ઠરે છે. તે સમ્યગ્દર્શનનું પ્રધાન અંગ છે. મહાશાસન તરફ, તેમના મુખ્ય ગુરુકુળવાસ તરફ, તેના પ્રાણ આત્મવાદ તરફ, તેની બંધારણીય શિસ્ત વ્યવસ્થા તરફ, અનન્ય વફાદારી એ મુખ્ય વ્યવહારિક સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની નિકટતા છે. શમ - સંવેગ - નિર્વેદ, અનુકંપા એ ચારમાં પ્રાણસમાન એ જ આસ્તિકતા છે. દેવ, ગુરુ, ધર્મ તરફની વફાદારી, યથાર્થ શ્રદ્ધા, "तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं" વિગેરે પણ તેમાં જ સમાય છે. માટે જ શ્રી સંઘ, તીર્થો, જિન મંદિર, જૈન શાસનના શાસ્ત્રો, તથા પાંચ દ્રવ્યો, સાત ક્ષેત્રો, વિગેરેરૂપ સંપત્તિઓ અને ધર્મના સાધનો, વિગેરે તરફ વફાદારી, તે સર્વની સારસંભાળ, વાત્સલ્ય, પ્રભાવના, विनय वैयावृत्त्य વિગેરે સમ્યગ્દર્શનરૂપ છે. પરંપરાગત શાસનના પ્રતીકો, તત્ત્વો, પૂર્વાપરના વહીવટ ઠરાવો પટ્ટકો તરફ વફાદારી, તેનું રક્ષણ કરવું. તેના રક્ષણ માટે સર્વસ્વનો ભોગ આપવાની વૃત્તિ, વિગેરે સમ્યગ્ દર્શનના મુખ્ય સ્વરૂપ સમાન છે. સમ્યગ્દર્શની સૌથી પહેલો શાસનનો વફાદાર - અનન્ય વફાદાર થાય, તેમાં જ સમ્યગ્ દર્શનીના બીજા સંખ્યાબંધ કર્તવ્યો ને ગુણો સમાય છે.

ઈતિહાસના નિચોડરૂપે કહીયે, તો મહાશાસનના કેન્દ્રનું નામ વર્તમાનકાળે શ્વે. મૂ. જૈન શાસન છે. ધર્મના - શાસનના મૂળ પ્રવાહનું મૂળ ઝરણું તે જ છે. કારણ કે - તે જ સર્વ નયથી શુદ્ધ, સાંગોપાંગ અને સ્યાદ્વાદ યુક્ત વ્યવસ્થા ધરાવે છે. જો કે - બીજાઓને માટે આ વાત પરીક્ષા અને સંશોધનની જરૂર છે. એકાએક આ વાત સ્વીકારી લેવાનો આગ્રહ અમે કોઈનેય કરતા નથી. પરંતુ શોધ પછી પણ પરિણામ તો અમો કહીએ છીએ, તે જ આવશે. (હાલના ઐતિહાસિકોને માટે પણ ખાસ સારભૂત સંશોધનની આ વસ્તુ છે. સૌથી પહેલું આ મહત્ત્વની બાબતનું પ્રમાણભૂત સંશોધન કરવું જોઈએ. તે ન કરવામાં તેઓ પણ ઉન્માર્ગે છે અને વર્તમાન જગતને તેઓ ઐતિહાસિક સંશોધનને નામે ઉન્માર્ગે દોરવી જાય છે. જગતને ભૂલભૂલામણીમાં નાખીને સન્માર્ગ અને સત્યથી ચ્યુત કરે છે.)

## સંપ્રદાયોથી નુકસાન

એક ગામડાનો વેપારી શહેરમાંની કોઈપણ દુકાનેથી કે ફેરીવાળા પાસેથી પોતાને ઈષ્ટ માલ લે. તે કદાચ તેને સસ્તો, ચોખ્ખો, પણ મળી શકયો હોય છે. છતાં, કોઈક દિવસે તે દુકાનેથી માલ લેવો તેને અશક્ય પણ બને - કેમ કે - તેવી દુકાન કે ફેરીવાળો પૂરતી મૂડીને અભાવે પૂરતો માલ ન રાખી શકે. પૂરા વંશવારસાના મજબૂત કાર્યવાહકોને અભાવે કદાચ લાંબો કાળ ન ચાલતાં તે દુકાન ઉપડી પણ જાય, ત્યાંથી દરેક જાતના માલ દરેક વખતે ન પણ આપી શકે. વધુ પ્રમાણમાંયે કોઈવાર ન આપી શકે. એમ વખત જતાં કોઈને કાંઈ મુશ્કેલી આવવા

લાગે છે.

ત્યારે - વંશપરંપરાથી ચાલી આવતી બહોળા કુટુંબ પરિવાર ધરાવતા, ખૂબ મૂડીદાર ગૃહસ્થના નામની પ્રતિષ્ઠિત અને વિશાળ પાયા ઉપર ચાલતી દુકાનમાંથી દરેકે દરેક ગ્રાહકને દરેક માલ તથા તેની પેટાજાતિઓના પણ જુદા જુદા માલો જથ્થાબંધ મળી શકે છે. તે દુકાન ધીરધારમાં ધીરજ રાખી શકે છે. મોટું કુટુંબ હોવાથી પેઢી એકદમ ઉપડી જતી નથી. ભાવાની મોટી ઉથલપાથલ વખતે પણ તે ટકી રહી શકે છે. નાણાંકીય ભીડ તેને બહુ નડતી નથી. મોટા પ્રમાણમાં દરેક માલનો સંગ્રહ રહેવાથી પૂરતા પ્રમાણમાં માલ તેને ત્યાંથી મળી શકે છે. આવા ઘણા કારણોથી સમજુ વેપારીઓ, નામાંકિત અને મોટી પેઢી સાથે ખાસ સંબંધ બાંધતા હોય છે અને તેની સાથેનો સંબંધ ટકાવી રાખવા મથતા હોય છે.

બીજી પેઢીઓમાંથી કોઈ વખત સસ્તો, ચોખ્ખો, સારો અને જલ્દી માલ મળી શકે, તેવી સગવડ હોય છે. એ જ માલ લેવા જતાં કદાચ મોટી પેઢીમાં કેટલીક મુશ્કેલી પણ વેઠવી પડતી હોય છે યા થોડું નુકસાન પણ વેઠવું પડતું હોય છે. પરંતુ, સમગ્ર દૃષ્ટિથી વિચાર કરતાં તેની સાથે સંબંધ રાખવામાં પરિણામ વધારે હિત હોય છે. એ દૃષ્ટિથી સમજુ વેપારીઓ જથ્થાબંધ માલ મળતો હોય, તેવી નામાંકિત ને સદ્ધર સારી શાખ ધરાવતી અને ઘણા વખતથી જામેલી પેઢી સાથે સંબંધ રાખે છે;

તે જ પ્રમાણે - ધર્મ અને ધર્મનું શાસન, વિગેરે એક જ હોવા છતાં કાળક્રમે તેના જુદા જુદા વિભાગ પડી ગયા છે. પરંતુ, જેમ બને તેમ ધર્મ અને શાસનને લાયકના દીર્ઘદૃષ્ટિ ભરેલા તમામ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ ભાવને બંધબેસતા નાના મોટા તમામ પ્રકારના તત્ત્વો મુખ્ય અને મૂળ પરંપરામાં જ મળી શકે, એ સ્વાભાવિક છે. એક શ્રીમંત કુટુંબ ઝવેરાતની પેટી લઈને જંગલમાં ચાલ્યું જાય છે. તેમાંથી થોડું થોડું લઈને તે કુટુંબના બીજા ભાઈઓ જ્યાં ત્યાં સ્થાન જમાવીને રહી જાય છે. તેમની પાસે રત્નો તો હોય છે, પણ થોડા થોડા હોય છે. ત્યારે, તે પોતાને બધોય વારસો મળ્યો હોય, એમ માનીને સાચવી રાખે છે. પરંતુ, તે તેની ભૂલ હોય છે. કેમ કે, બધોય વારસો તો કુટુંબના મૂળ વડા પાસે રક્ષિત રહેલો છે. એ પ્રમાણે જુદા જુદા દર્શનો, ધર્મશાસનો અને જૈન ધર્મના દિગંબરાદિક પેટા સંપ્રદાયો પોતપોતાની માન્યતાઓને લગભગ એકાંતથી પકડી રાખીને વારસાને સંકુચિતરૂપમાં સાચવી રાખે છે. વારસાની અવિશાળતા, કુટુંબની આબરૂને પૂરું રક્ષણ આપવાની અશક્તિ, વિગેરે હોય છે. છતાં, ખોટો ખ્યાલ ઉભો કરી મૂળ પરંપરાના પરિચયથી અને તેના લાભોથી જગતને વંચિત રાખવામાં, અશક્તિ ધરાવનારાઓનો આડંબરી કોલાહલ, સંકુચિત - સમજથી એકાંત પકડી રાખેલા તત્ત્વોની પણ ભપકાબંધ જાહેરાતો અસાધારણ મદદગાર થઈ જાય છે. આથી શાસનની જવાબદારી થોડાએક લોકોને ઉપાડવી પડે છે તેથી સમજાશે કે - મૂળ વસ્તુ સાંગોપાંગ અને બરાબર ચાલે, તે વધારે લાભકારક રહે છે. પરંતુ, આજે મૂળ શાસનની મુખ્ય પરંપરામાં પણ નવા સંપ્રદાયો પડવાથી મૂળને ઘણો જ ધક્કો લાગે છે. તે પણ એક મોટામાં મોટો દોષ ગણાય છે. તે પણ મહાશાસનની મોટામાં મોટી આશાતના છે.

કારણ કે, કોઈ પણ સંપ્રદાય, એકદેશીય વ્યવસ્થા ધરાવતો હોય છે. સાંગોપાંગ સંપૂર્ણ તે હોઈ શકતો જ નથી. તેમાંથી એકાદ બાબત વધારે સારી મળી શકે તેમ હોય છતાં, તે સાંગોપાંગ ન હોવાથી, કોઈ બાબતમાં બિનજરૂરી અધિકતા કરી નાખવાથી, ને કોઈને કોઈ બાબતમાં ન્યૂનતા રહેવા દેવાથી, કોઈને કોઈ નયને તે હણે જ. તેથી શ્વે. મૂ. જૈન શાસનરૂપ મૂળ પરંપરામાં ગમે તેટલી ખામીઓ જોવામાં આવતી હોય, છતાં, તેને જ આશ્રયે રહી વફાદાર રહેવામાં જ સમ્યગ્ દૃષ્ટિપણું છે. કેમ કે - તે જ મૂળ પરંપરા હોવા વિષેના મજબૂત પૂરાવાઓ મળે છે. તેના પ્રમાણમાં બાધક પૂરાવા મળતા જ નથી.

પરંપરાગત શાસ્ત્રો, પરંપરાગત શાસ્ત્રોક્ત તીર્થો, પરંપરાગત આચાર્યોની પરંપરા, અને તે દરેકને લગતા સચોટ ઐતિહાસિક પૂરાવા તથા જગતની મુખ્ય ભારતની પ્રજામાં એકંદર તે શાસ્ત્રના આગેવાનોનું પ્રાચીનકાળથી અગ્રેસરપણું વિગેરે જોતાં, તે મૂળ પરંપરા હોવાની કોઈ પણ શંકા વિદ્વાનોને રહેવા પામે તેમ નથી. આથી કરીને, વખતોવખત સમજફેરને લીધે નીકળતા જુદા જુદા સંપ્રદાયો મૂળ પરંપરા તરફ અશ્રદ્ધા ઉત્પન્ન કરી,

**મહાશાસન તરફની વફાદારીને ઢીલી પાડવામાં સહાયક થવાથી મહા આશાતનાના કારણભૂત બની જાય છે. આ જગત ઉપરનો મહાઅનર્થ છે જે સર્વ અનિષ્ટોનું સબળ કારણ છે.**

વાસ્તવિક રીતે સંપ્રદાય જુદા પાડવાની કાંઈ પણ જરૂર હોતી નથી. કેમ કે, જેઓ નવા નવા સંપ્રદાયો કાઢવા ઈચ્છતા હોય છે, તે પોતે જ આજ્ઞામાં રહીને - મૂળ પરંપરામાં - રહીને - પણ ઉચ્ચ જીવન જીવી શકે છે. એક ગચ્છના રૂપમાં પણ કદાચ સાથે રહી શકે છે. જુદું જુદું પ્રતિપાદન કરવાનીયે આવશ્યકતા પડતી નથી. કેમ કે - મૂળ પરંપરામાં સાંગોપાંગ બધી પ્રરૂપણા જે સ્વરૂપમાં પ્રથમથી ચાલી આવતી હોય છે, તે તે જ હોય છે. તેમાં સર્વ નયો સાપેક્ષ જુદું જુદું પ્રતિપાદન હોય જ છે. શાસ્ત્રોનો કાળક્રમે જે ભાગ ગયો, તે તો આવવાનો નથી. ત્યારે જે બચ્યો હોય, તેને જ પ્રમાણભૂત માનવામાં કોઈનેય હરકત હોવી ન જોઈએ. કેમ કે, બીજો ઉપાય નથી હોતો. જયાં સુધી કેવળજ્ઞાની તીર્થંકર પ્રભુ ન થાય, ત્યાં સુધી ફરીથી શાસ્ત્રો, પરંપરા કે નવું શાસન શરૂ થઈ શકે તેમ નથી હોતું. પછી સંપ્રદાયો જુદા શા માટે પાડવા? જુદા પાડવામાં કાંઈ અજ્ઞાન કે આવેશ કારણભૂત બની જાય છે. સિવાય, બીજું કાંઈ પણ કારણ સંભવિત નથી હોતું.

દા. ત. **દિગંબર** સંપ્રદાય લઈએ. તે વર્તમાનમાં વિદ્યમાન કાંઈ પણ જૈન શાસનથી જુદા પડેલા સંપ્રદાય કરતાં પ્રાચીન છે, તેમાં બે મત નથી. પરંતુ, તેમનો ઈતિહાસ ઠેઠ મૂળ સુધી પહોંચતો નથી. તેમની વ્યવસ્થા, સાધનો, શાસ્ત્રો, વિગેરે મૂળ પરંપરાગત હોવાના પૂરવાર થતા નથી. જેટલી વસ્તુ સમાન છે, તે સિવાયની બાબતો સ્યાદ્વાદ સાથે સંગત થતી નથી. મહાશાસનને લાયકના વ્યાપક તત્ત્વો સાથે સંગત થતી નથી. ઘણી બાબતમાં તેમને એકાંતવાદ પકડવો પડે છે.

**સ્થાનકવાસી સંપ્રદાય** લઈએ: એ પણ મુસલમાન કાળની મૂર્તિભંજક વૃત્તિના કાળે જન્મ પામેલ છે. બત્રીસ સૂત્રો ઉપર ગુજરાતી ભાષામાં શ્વે. આચાર્યના તે વખતે ટબાર્થ લખાયા હોવાથી તેટલા જ તેઓથી વાંચી શકાયાં ને સમજી શકાયાં. તેથી તેટલાને જ પ્રમાણભૂત માનવાની કલ્પના તેઓના સંચાલકોએ પ્રચલિત કરી લીધી છે. શરૂઆતમાં સાધુઓ ત્યાગ તપશ્ચર્યામાં ઘણા જ કડક હતા. ત્યારે આજે તો એ કડકાઈ લગભગ ઓસરી જ ગઈ છે. પણ ઉલટામાં અનાત્મવાદના વર્તમાન જમાનાની ગણાતી ઘણી છાયામાં પ્રવેશી ગયા હોવાનું જોવામાં આવે છે. **લોંકાશાહ** પછી બેત્રણ સેંકડા પછી એ સંપ્રદાયે પોતાનો આકાર ધારણ કર્યો હતો. પરંતુ, લોંકાશાહ નું એક પણ પુસ્તક કે એક પણ લીંટી લખેલી મળતી નથી.

લોંકાશાહના અનુયાયીઓનો પ્રથમ તો મૂળ પરંપરામાં લોકાગચ્છ નામનો એક ગચ્છ જ સ્થપાયો છે, જે પ્રતિમા પૂજામાં માનતો હતો. સામાન્ય શિસ્ત એવી છે, કે - પ્રરૂપણામાં બહુ ફેરફાર ન હોય, માત્ર થોડો ઘણો જ ફેરફાર હોય, તો, શાસનમાંના એક પેટાગચ્છ તરીકે સ્થપાય છે. મોટા ફેરફાર અને તે પણ મુખ્ય મુદ્દાના હોય, તો જ તેને જુદા સંપ્રદાય તરીકે જુદા ગણવામાં અને જુદા પાડવામાં આવે છે.

દા. ત. દિગંબર સંપ્રદાયે પરંપરાગત શાસ્ત્રોને જ અમાન્ય ઠરાવ્યા. કારણ કે, વસ્ત્રના એકાંત ત્યાગના વિરોધમાં શાસ્ત્રોમાં મુનિને વસ્ત્રધારણ કરવાની જે જે વાત આવે, તે બધુંય અપ્રમાણ ઠરાવવું જ પડે. તેમાં, પ્રથમ - સ્ત્રીઓના સાધુપણાનો વાંધો આવવા લાગ્યો. આગમોમાં, કથાઓમાં તેવા પ્રસંગો આવે. તેથી તેવી કથાઓ ને તેવા પ્રસંગો બધા ટાળવા પડે. ટાળી ટાળીને કેટલું ટાળવું? ને કેટલું અપ્રમાણભૂત ઠરાવવું? અને કેટલું પ્રમાણભૂત ઠરાવવું? કેવળજ્ઞાનીની ભક્તિમાં પણ વસ્ત્ર પાત્રાદિકનો સ્વીકાર આવી જાય. ત્યારે પણ એ જ મુશ્કેલી આવે. તથા આત્માની એકાંત નિશ્ચય નયની દશા જ પ્રમાણભૂત, એવી કેટલાકની માન્યતાએ પણ કેવળજ્ઞાનીના વ્યવહારિક જીવનના સ્વરૂપમાં અગવડ આવવા લાગી. એટલે કેવળીની ભક્તિ પણ છોડવી પડી. તેથી "શાસ્ત્રો જ મૂળથી નષ્ટ થયેલાં છે" એમ જાહેર કરવું પડયું. પરંતુ, શાસ્ત્રો જ જયારે નષ્ટ હતાં, તો પછી આજનું આટલું બધું વિશાળ દિગંબર સાહિત્ય શા આધારે રચાયું? આનો પ્રામાણિક જવાબ એ છે, કે - પરંપરાગત ગુરુઓ પાસેથી જે કાંઈ મળ્યું - તે ઉપરાંત, શ્વેતાંબર માન્ય શાસ્ત્ર પરંપરામાંથી પોતાના સંપ્રદાય સાથે ઘટતું અને જરૂરી લાગ્યું, તે લઈ, તેના ઉપર સર્વ પ્રકારની નવરચનાઓ કરી લઈ વ્યવસ્થિત શાસ્ત્રોનો સંગ્રહ

મેળવી લીધો. એમ, શાસ્ત્રો જેવી શાસનની મૂળ વસ્તુ ઉડાડવાથી તેમને સાથે રાખી શકાયા નહીં. સ્થાનકવાસી સંપ્રદાયે પ્રતિમા, મંદિર, અને તેની પૂજા, સાથે જ કલ્યાણક ભૂમિઓ વિગેરે કે જે દેવતત્ત્વના ચાર તિક્ષેપા સાથે સંબંધ ધરાવે છે, દેવતત્ત્વ કે જે, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વનું મૂળ છે, તેને જ ઉડાડવા જેવું કર્યું. તેના વિજ્ઞાન સિદ્ધ સ્વરૂપનું અપમાન તથા તે ઉડાવવા ખાતર શાસ્ત્રોનો અમુક ભાગ અમાન્ય ગણવામાં આવ્યો તથા આચારો વિગેરેની લગભગ નવી કલ્પના કરવા ઘણી તોડતાડ કરવી પડી. માટે, તેને પણ મૂળ શાસન સાથે રાખી શકાય તેવો માર્ગ જ ન રહે.

તેઓ પણ જો આજ્ઞામાં રહી, ઉત્સુત્ર પ્રરૂપણા વિના તીવ્ર આચાર વ્યવહાર તપોનુષ્ઠાન કરીને સાથે જ રહી આત્મ સાધન કરી શકત, યા કદાચ જુદા ગચ્છના રૂપમાં સાથે રહી શકત, તો તેમાં કોઈનો ય વિરોધ ન આવત.

અતિપરિણતિ જેવી આચાર પ્રવૃત્તિ આદરી, સાથે ઘણા જ બીજા ફેરફારો અને પ્રરૂપણાઓ શરૂ કરી. આથી, મૂળ શાસન પરંપરાના તેજને ધક્કો પહોંચાડવામાં આવ્યો. અને આજે એ અતિપરિણતિ ઓસરી ગઈ, અપરિણતિ શરૂ થઈ ગઈ.

આમ પોતપોતાની માન્યતાના આગ્રહમાં અથવા તેના પ્રચારની ધગશમાં "વિશ્વ કલ્યાણની મૂળ વસ્તુને કેટલો ધક્કો પહોંચશે?" તેનો તે વખતે ઉત્સાહના પૂરમાં તેઓનો ખ્યાલ રહ્યો નથી. અને પાછળથી સંપ્રદાય જામ્યાં પછી, સાચું સમજાય, જુદો ચોકો જમાવવામાં નુકસાન સમજાય, તો પણ પછી ખેંચાખેંચી અને અંદર અંદરના મતભેદોને લીધે પાછું ઠેકાણે આવવાનો કોઈ ઉપાય હાથમાં આવતો નથી. પછી, કાળાંતરે સંપ્રદાયમાં ઘણા દોષો ઉત્પન્ન થવા છતાં પણ થાગડથીગડ કરીને તે નભાવ્યે જ જવું પડે છે. અને વિશ્વકલ્યાણકર મૂળ શાસનને ધક્કો લાગ્યા કરે છે, ને તેની મહા આશાતના થાય છે. તે ધ્યાનમાં રહેતી નથી.

માની લઈએ કે - મૂળ પરંપરામાં - અયોગ્ય વ્યક્તિઓની કેટલેક અંશે ભરતી થઈ ગઈ હોવાથી, તેને શુદ્ધ કરવાની જરૂર હોય, તો તેનો ઉપાય એ છે, કે તેમાં જ દાખલ થઈને, પુરુષાર્થથી યોગ્ય અધિકાર પ્રાપ્ત કરીને, દરેકને હટાવી શકાય છે. ને શાસનનું તેજ અખંડ રાખી શકાય છે. જુદો ચોકો જમાવવામાં પણ એવી જ માનસિક નિર્બળતા અને શાસન તરફની અ-વફાદારી સ્પષ્ટ જ છે. તેથી "અંદર રહીને શાસનનો તેજોવધ ન થવા દેવો." તે જ વધુ સુંદર, સંગત અને પ્રામાણિક ઉપાય છે. કાળાંતરે, નવા સંપ્રદાયમાં પણ અયોગ્ય વ્યકિતઓની ભરતી થાય તો ખરી જ. ત્યારે તેમાંથી પણ જુદો સંપ્રદાય પાડવો જોઈએ ને? અથવા તે સડાને ઢાંકવાના પ્રયાસો કરવા જ પડે. બેમાંથી એક રસ્તો લેવો જ પડે. એટલે આખરે ત્યાંના ત્યાંજ આવી જવાય છે.

તે મુજબ સ્થાનકવાસીમાંથી તેરાપંથી પંથ લગભગ ૨૦૦ ઉપરાંત થોડાક વર્ષોથી જ નીકળ્યો. તેણે ત્યાગની અતિશયતામાં ઉત્સૂત્ર પ્રરુપણા કરવા પાછળ પાછું વાળીને જોયું જ નહિ અને ઉત્સાહમાં ને ઉત્સાહમાં ઉત્સૂત્ર પ્રરુપણા અને તત્કાલીન નવી રચનાઓ જેમ તેમ તાણી ખેંચીને કરી નાંખી. કે જેની જરૂર નહોતી, જેની આખી પ્રવૃત્તિ શાસનના તેજને ઝાંખુ પાડવામાં પરિણમી છે. કેમ કે શાસનની સર્વ દિગ્ગામિની વ્યવસ્થાને તે સમજી શકયા જ નહીં.

દા. ત. સાતમા ગુણ સ્થાનકથી માંડીને અપ્રમત્ત દશામાં રહેલા સાધુ મહાત્મા - એકાગ્રપણે નિર્વિકલ્પ ધ્યાનમાં હોય, તો જ તેમની અપ્રમત્ત દશાની સ્થિતિ અને નિર્વિકલ્પ સમાધિ ટકી શકે છે. તે સ્થિતિમાં તેમની સામે કે આજુબાજુ જે કાંઈ થાય, તેનાથી તે અલિપ્ત જ રહે છે. પછી, તેની સામે આવીને કોઈ ભયંકર હિંસા કરે કે - ફોસલાવીને તેની પોતાની પત્ની ઉપર બળાત્કાર કરતો સાક્ષાત દેખાય, તો પણ, તે તો, તે વખતે સ્વનિષ્ઠ હોવાથી નિર્લેપ રહે. એ સ્વાભાવિક છે. તેમાંથી જો તે મહાત્મા-શાસનના મહત્ત્વના કારણ વિના ચલિત થાય, તો - તે પોતાના સંયમ સ્થાનથી જરૂર પતિત થાય જ. તેમાં બે મત છે નહીં. પરંતુ આ વાત બધેય ઘટાવાય નહીં. તેનાથી ઉતરતા સાધકોની તેવી દશા નથી હોતી. તેથી ધર્મમાં પ્રવેશ કરનારાઓ કે એ પૂરી સ્થિતિએ ન

**પહોંચેલાઓ માટે દયા-દાન ઉલટાના સવિશેષ આવશ્યક કરે છે. ઉપર જણાવેલા મહાત્માના દયાદાન તેમના અપ્રમત્ત-ભાવમાં - મુનિપણામાં સમાયેલા છે. કેમ કે તેમના શરીરે આગ મૂકવામાં આવે, તો પણ તેનાથી તે ચલિત થવાના નથી. ત્યારે તેથી ઉતરતી કોટિની વ્યક્તિના શરીરે આગ ચાંપવામાં આવે, તો તે દોડાદોડી કરી મૂકે તેમ છે.**

તેથી, તેવા જીવોને માટે દયાદાન એક આગળ વધવાનું પગથિયું બને છે. વાસ્તવિક રીતે સૂક્ષ્મતાથી વિચારતાં - ભાવસાધક દ્રવ્ય દયાદાન પણ અપ્રમત્ત ભાવના, સંયમના જ દૂર દૂરના અંગો હોય છે. માટે તથા પ્રકારના પાત્ર જીવોને માટે ઉપાદેય હોય છે. આ સૂક્ષ્મતા તેઓ શી રીતે સમજે?

(૧) તે દયાદાન અન્ય જીવોને ધર્મમાં પ્રવેશ કરાવવાને આવશ્યક થાય છે.

(૨) સંયમ સ્થાનોમાં ચડવાને માટે પોતાને માટે પણ આવશ્યક થાય છે, કે જે દયાદાન પરંપરાએ આત્મવાદને પોષક હોય, તે ઉપાદેય.

ઉપર જણાવેલા મહામુનિને લગતી વાતને બીજા પાત્રોને માટે વિહિત દયાદાનના નિષેધ માટે સમજાવવામાં દલીલો આડીઅવળી એવી ગોઠવી દીધી છે, કે જે ઉત્સૂત્ર પ્રરુપણારૂપ બની ગઈ છે. ઉપર જણાવેલા મહાત્માની વાત એટલા માટે સમજાવવાની જરૂર હતી, કે કોઈના એકાંતથી એવી માન્યતા બંધાઈ ગઈ હોય કે, ''અપ્રમત્ત મુનિઓ પણ બીજા સામાન્ય સાધકની માફક બાહ્ય દયાદાન કરી શકે,'' તેને ''અપ્રમત્ત મુનિની દશા તદ્દન નિરપેક્ષ હોય છે.'' એમ સમજાવવાનું જરૂરી હોય તો, તે સમજાવી શકાય અને તેના અપ્રમત્તપણામાં જ દયાદાન સમાઈ જાય છે.

તે સમજાવવા જતાં પોતે જ કેટલુંક એકાંત પકડી લઈ, તેથી ઉતરતી કોટીના જીવોને માટે, ને વાસ્તવિક રીતે જેટલે અંશે જરૂરી હોય, તેનો પણ નિષેધ કરી નાખવા સુધી પહોંચી જવાયું. અને ખોટી દલીલોનો આશ્રય લેવાયો.

દા. ત. બિલાડી ઉંદરને મારે, ત્યારે તેને અટકાવવાથી બિલાડીને ખોરાકનો અંતરાય પડે. કેમ કે - તે તેનો ભક્ષ્ય છે. તેથી તેને તે ખાતા કેમ અટકાવાય? માટે - ''સાધુ મારે નહીં મારવા પ્રયત્ન કરે નહીં, અનુમોદના કરે નહીં, એટલે નવકોટિથી હિંસા ન કરે. તેમ જ નવ કોટિથી જીવાડવા પણ પ્રયત્ન ન કરે. જેમ જગત્‌માં ચાલતું હોય, તેમ સહજ રીતે ચાલ્યા કરે. તેમાં સાધુ નિર્લેપ રહે. આગમોમાં જ રક્ષાને માટે રક્ષણ શબ્દ પણ છે. તેના તરફ ધ્યાન જ ન આપે.

**પરંતુ, સિદ્ધાંત ખોટી દલીલો સાથે જોડી દેવામાં આવ્યો છે. દા. ત. શ્રાવકો તો સર્વ - વિરતિ નથી ને? તેને દાન દયા કરતા રોકવાનું શું કારણ? વ્રતધારી ન હોય, સમ્યક્‌ત્વ વ્રતધારી પણ ન હોય, માર્ગાનુસારી જેવા હોય, તેને પણ નિષેધ શા માટે? ત્યાં અવિરતિને પોષણ મળવાની દલીલ આગળ કરવામાં આવેલ છે. પણ માર્ગાનુસારી પોતે જ અવિરતિ છે. તેથી તેના દયાદાનના નિષેધમાં એ દલીલ બિલકુલ વજનદાર નથી. તે દલીલ વિરતિધર માટે કદાચ ભલે થોડી ઉપયોગી હોય, પણ વિરતિધર ન હોય, તેને માટે શી રીતે યોગ્ય ગણાય? શું તેરાપંથી દરેક શ્રાવક શ્રાવિકાઓ સર્વવિરતિધર જ હોય છે? દેશવિરતિધરની પણ બીજી અવિરતિની બાજુ ખુલ્લી જ હોય છે. તેમાં પણ દયાદાન ચરિતાર્થ થઈ શકે છે. વળી બિલાડીની આહારતૃપ્તિ બીજી ઘણી રીતે શક્ય** છે. તેને ઉંદર મારતાં અટકાવવામાં એટલું નુકસાન નથી કે જેટલું ઉંદરને નુકસાન થાય છે. કેમ કે ઉંદરનો તો પ્રાણનો જ પ્રશ્ન છે. શું એકના આહારમાં અંતરાય, અને બીજાના પ્રાણનો નાશ, એ બન્નેય સરખી વસ્તુ છે? સરખી વસ્તુ નથી, એમ સામાન્ય બુદ્ધિથી પણ સમજાય તેવી વસ્તુ છે. બિલાડી અને ઉંદરનો પ્રશ્ન પૂછનારની સામે શ્રી ભીખમજી બીજા બીજા પ્રશ્નો ખડા કરે છે, ને તે પ્રશ્નો મારફત ''એ દશામાં સાધુ શું કરે?'' એમ પૂછે છે પરંતુ ''શ્રાવક શું કરે? માર્ગાનુસારી શું કરે? સમ્યક્‌ત્વધારી શું કરે?'' એમ પૂછયું નથી. સારાંશ કે અલ્પજ્ઞ પ્રશ્નકારને ગૂંચવવાનો એક યુક્તિપૂર્વકનો પ્રયાસ હતો.

શ્રાવકને માટે - વિરતિધર સિવાય ને માટે પણ દયાદાનનો સર્વથા નિષેધ શા માટે? પણ હવે, તે વાતને ઉલટાવવાનો પ્રસંગ આવી ગયો છે. કારણકે - ભૂલ સમજાવા લાગી છે. પરંતુ, જયારે એક સંપ્રદાય થાય છે, ત્યારે તેને બધી રચના નવેસરથી કરવી પડે છે. તે તો મહાશાસનની છાયામાં જે હોય, તે પ્રમાણમાં પૂરેપૂરી થઈ શકે નહીં. પછી વખત જતાં, સડા પેસવા માંડે, ત્યારે ઉપાય ન રહે, ત્યારે તેને ઢાંકવા પડે. પરિણામ શાસનનું તેજ હણવામાં આવે છે. શરૂઆતમાં સ્થાનકવાસી અને તેરાપંથીની સાથેના આવા મતભેદોના જેટલા મુદ્દા છે, તેને બાદ કરતાં, તેઓ આત્મવાદના પોષક રહેતા હતા અને તેની પાછળ ભોગ આપતા હતા. ત્યારે આજે તો તે બન્નેયમાં અનાત્મવાદના પોષકતત્ત્વો તરફ અજાણતાં પણ ધામ શ્રદ્ધા વધતી જાય છે અને તે તરફ વેગબંધ ધસી રહ્યા છે, જોવાય છે.

**કાનજી સ્વામી**ના અનુયાયીઓ - બહારથી પોતાને દિગંબર તરીકે ઓળખાવી વકીલી પોલિસી ગોઠવી, દિગંબર સંપ્રદાયની સહાનુભૂતિ મેળવી, મૂળ પરંપરાભૂત શ્વતામ્બર શાસનથી બચવાની ઢાલ તરીકે રાખે છે. અને "અવસરે દિગંબર વિદ્વાનો અને તેના સાધનોની તથા બળની ઢાલ આગળ ધરી રાખીને આપણું રક્ષણ કરી લઈશું," એવી ધારણાથી તેઓ તેનો જાહેરમાં આશ્રય લે છે. છતાં, "તે સંપ્રદાય કરતાં પણ પોતાનો સંપ્રદાય જુદી જાતનો છે." તેમ સમજીને તેને જીવંત રાખવા માટે, જયાં દિગંબરી મંદિરો છે, ત્યાં પણ પોતાના સંપ્રદાયના મંદિરના પાયા રોપવાની ચેષ્ટા કરી રહ્યા છે. કેમ કે "આ પાંચ દિગંબર સંપ્રદાય કાયમ ચલાવી શકશે નહીં. તે વખતે પોતાના સંપ્રદાય તરીકેના બંધાવેલા જુદા મંદિરને કેન્દ્રમાં રાખીને કરેલી પોતાની સાંપ્રદાયિક રચના ચાલુ રાખી શકાય", આ પૉલિસી રાખવામાં આવી જણાય છે.

દિગંબર સંપ્રદાય પણ અપ્રમત્ત મુનિપણું પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી નિશ્ચયનયનું સાતમા ગુણ સ્થાનકના અપ્રમત્તભાવને જ સમ્યગ્ દર્શન માને છે. તે અપેક્ષાએ તેની પહેલાંની બધી પ્રવૃત્તિ મિથ્યારૂપ છે અને તે બરાબર છે. કેમ કે - એ જાતની નય સાપેક્ષ શાસ્ત્રીય પરિભાષા થઈ. અને શ્વેતામ્બર પરંપરા પણ તેમાં સંમત જ છે.

પરંતુ, ચોથા ગુણ સ્થાનકના નિશ્ચિત સમ્યક્ત્વ પ્રાપ્તિની અપેક્ષાએ તેઓ પણ દેશ વિરતિ, પ્રમત્ત સર્વ વિરતિ વિગેરે તેવા પાત્રો માટે તદ્યોગ્ય આચાર વ્યવહાર અને આદરણીય પણ માને છે. નિષેધ્ય માનતા નથી.

અને ચોથા ગુણઠાણાના સમ્યક્ત્વ પ્રાપ્તિની પહેલાંની અવસ્થામાં સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેની પ્રવૃત્તિને અભ્યાસરૂપ વ્યવહાર માનીને તેટલા પૂરતી તેને પણ તેવા પાત્ર જીવોને માટે ઉપાદેય માને છે. સાતમું ગુણસ્થાનક પામવામાં - માર્ગાનુસારિતા, મિશ્ર, ચોથું, પાંચમું + છઠ્ઠું ગુણસ્થાનક કારણભૂત છે. ત્યાં ન પહોંચ્યો હોય, તેને ત્યાં પહોંચવા આ માર્ગમાંથી યથા સંભવ પસાર થવું પડે છે. એકલા આત્માના બળથી સીધેસીધા કર્મોનો ક્ષય કરવાનું બળ કોઈક વ્યક્તિ સિવાય, ત્યાંથી પસાર થયા વિના કોઈમાં હોતું નથી. પગથિયાં ક્રમે જ ચડાય છે, નહીંતર પગથિયાંની વ્યવસ્થા જ નકામી ઠરે છે.

માટે અપ્રમત્ત અવસ્થાના એવંભૂત નયની અપેક્ષાના સમ્યગ્દર્શનની અપેક્ષાએ - છઠ્ઠા સુધીની બધી પ્રવૃત્તિ મિથ્યાત્વરૂપ ખરી. તેમાં શંકા નથી. પણ ચોથાના નિશ્ચિત સમ્યક્ત્વવંતને સાતમું ગુણઠાણું પામવા માટે વ્યવહાર નયથી તેની અતિ આવશ્યકતા પણ ખરી જ. ને તે દિગંબર સંપ્રદાય પણ સ્વીકારે છે.

છતાં, **કાનજી સ્વામી**ના મતમાં તેનો નિષેધ કરવામાં આવે છે. તે દિગંબર સંપ્રદાયને કે તેના કોઈ પણ પૂર્વાચાર્યને સંમત નથી જ. ખુદ **શ્રી કુંદકુંદાચાર્ય**ને પણ તે સંમત નથી.

શું **સમયસાર** - ગ્રંથની રચના અને શિષ્યને તેના પાઠની પરંપરા આપતી વખતે, તેઓ શું અપ્રમત્ત ભાવમાં જ હશે? કે પ્રમત્ત ભાવમાં પણ કોઈ વાર આવ્યાં હશે? જયારે પ્રમત્ત ભાવમાં આવ્યા હશે, ત્યારે મિથ્યાત્વની સ્થિતિમાં તેઓ પણ આવ્યા હોવા જ જોઈએ. તો તે વખતે તેમણે પોતાના સિદ્ધાંત અનુસાર દીક્ષાનો ત્યાગ કરવો જોઈએ ને? પણ તેમ તેઓએ કરેલ નથી. કેમ કે તેઓ સમજતા હતા કે, "હું પણ સાધક છું. આમ કરવાથી જ અપ્રમત્ત ભાવની પ્રાપ્તિ કરાશે, ટકાવાશે. કેમ કે - કર્મ તોડવાની અપ્રમત્ત ભાવમાં ઉતરતી કક્ષાના

ભાવ કરતાં વધુમાં વધુ તાકાત છે. કરોડો વર્ષના તપથી નહીં તૂટેલા કર્મો પ્રત્યાખ્યાની પરિક્ષાની આકરી જ્ઞાન-દશાથી તે વખતની એક ક્ષણમાં તૂટી જાય છે."

એટલે:- સાતમા માટેની જે સ્થિતિ હોય છે, તેને ચોથાની માની લઈને ચોથા, પાંચમા, છઠ્ઠાની પ્રવૃત્તિને પણ અજાણપણાથી નિષેધ કરીને, મહાઉત્સૂત્ર પ્રરુપણા કરી રહેલ જણાઈ આવે છે. અને સંપ્રદાય સ્થાપી તેને વેગ આપી રહેલ છે. અને વકીલ બંધુઓની સહાયથી આધુનિક પ્રચારક સાધનોનો ઉપયોગ મોટા પાયા ઉપર ચલાવી રહેલ છે. વળી, ખ્રિસ્તી ધર્મ પ્રચારકોની માફક, એક એ પણ નાડું પકડયું છે કે, - "આપણે કોઈનું સાંભળવું નહીં. કોઈ સાથે ચર્ચા, દલીલમાં ઉતરવું નહીં. આપણું જ વાજું વગાડયા કરવું. જેને સાંભળવું હોય તે સાંભળે. આપણું ખંડન કરે, તે સમજતા નથી. તેને હજુ વધુ ભવો કરવાના બાકી છે એમ બોલ્યે રાખે." આ સ્થિતિમાં તેમને સમજાવાય શી રીતે?

એક લિપિના અજ્ઞાની અજાણને "કમળ" શબ્દ લખેલો હોય, તેને કોઈ સમજાવે કે, "જો ભાઈ અહીં 'કમળ' શબ્દ લખેલો છે" ત્યારે તે લિપિનો અજાણ હોવાથી પૂછે કે, - તમો 'ક' કોનો ઉચ્ચાર કરો છો? ત્યારે જવાબ મળે કે- "ભાઈ 'ક' આવા અક્ષરનો ઉચ્ચાર 'ક' થાય" ત્યારે તે કહેશે કે - તે 'ક' કેમ માનવો? 'હ્ય' આવો કેમ નહીં? તેને શી રીતે સમજાવી શકાય?

તે જ પ્રમાણે જૈન શૈલીની પ્રમાણનયનિક્ષેપાદિની સ્યાદ્વાદની પરિભાષા જાણ્યા વિના, જે સમજાયું, તે જ રોજ બોલ્યા કરવું. અને અનુયાયીઓને પણ પકડાવી દીધું કે- "આપણે માનીયે છીએ, તે સિવાયનું બધું ખોટું. માટે કોઈનું કાંઈ સાંભળવું જ નહીં."

આ સ્થિતિમાં જેઓના મગજ ગ્રહિલ અને વ્યુદ્ગ્રાહિત થઈ ગયા હોય, તેને શી રીતે સમજાવી શકાય? અને જયારે પ્રચારના આધુનિક પ્રચલિત સાધનોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય, ત્યારે તેના પ્રચારને કોણ રોકી શકે? અને તેનું ફેલાયેલું ઝેર શી રીતે નાબૂદ કરી શકાય? જો પોતાને પણ અપ્રમત્તભાવનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે, તો શા માટે દિગંબર મુનિપણું પણ સ્વીકારતા નથી?

ચોથા ગુણ સ્થાનકનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે, તો શા માટે ચોથા, પાંચમાં ને છઠ્ઠાને લગતી પ્રવૃત્તિ કરતા નથી? ઉલટામાં ચોથા, પાંચમા અને છઠ્ઠાની તથા તેના પૂર્વની અભ્યાસક્રિયાના વ્યવહારનો નિષેધ કરે છે. પોતે જાતે સ્નાનાદિ કરીને દરરોજ દ્રવ્યથી અને ભાવથી બન્નેય પ્રકારની પૂજા કરે છે? આમ લોકોત્તર વ્યવહારનો નિષેધ કરે છે, તેથી વ્યવહાર વિના તો માનવનું જીવન ચાલતું નથી. તેથી આત્મવાદનો વ્યવહાર છૂટી જાય છે. ત્યારે આજે અનાત્મવાદનો વ્યવહાર તો કૂદકે ને ભૂસકે પ્રવેશી જાય છે. એટલે આધ્યાત્મિક સદ્વ્યવહારને સ્થાને માર્ગાનુસારી લોક-વ્યવહાર પણ ન આવતાં - આધુનિક, અનાત્મવાદી વ્યવહારનો ધોધબંધ પ્રવાહ જમાનાને નામે પ્રવેશ પામ્યે જ જાય છે. તેના તરફ તેનું લક્ષ્ય જ જતું નથી. "બકરુ કાઢતાં ઊંટ પેસી જાય છે." આમ આત્મવાદ ઉપરથી અનાત્મવાદના ખાડામાં જઈ પડવાથી, આખા જૈન શાસનને અને આત્મવાદને જોખમમાં મૂકી દે છે. તેથી આ પંથરૂપ ભારેમાં ભારે આજે શાસનને માટે જોખમ ખડું થયું છે. અને તેથી આજની અનાત્મવાદની શક્તિઓનો તેમને આડકતરો ટેકો એટલા જ માટે છે. કેમ કે - "આ પંથનું પરિણમન અનાત્મવાદની સંસ્કૃતિના પોષણ માટેની ભૂમિકા તૈયાર કરવા આત્મવાદના વ્યવહારોને માનવ જીવનમાંથી ખસેડવામાં આવવાનું" તેઓ જાણે છે. કેમ કે, આજે ભારતના પ્રાચીન મૂળ ધર્મમાં બુદ્ધિભેદો ઉત્પન્ન કરનારા અંદરના જ માણસો મળે, તે અનાત્મવાદની સંસ્કૃતિના પ્રચારકોને અત્યંત જરૂરના છે.

વળી, એક નયને તેની હદ કરતાં, વધુ સ્થાન આપવાથી બીજો નય અવાસ્તવિક રીતે ખંડિત થવાથી મહાદોષ લાગે છે. તે અને તેનો અનુયાયી વર્ગ આ જોઈ શકે તેમ નથી. એટલે પોતાની ધૂનમાં ચકચૂર રહી, પોતે દોષ્યે માર્ગે વેગબંધ દોડયે જાય છે અને વિશ્વ-શાસનની મહા આશાતના કરી રહેલ છે.

વ્યક્તિને માટે શું કરવાનું શકય છે? અને તેને અનુસરીને તેણે શું કરવું? એ જુદી વાત છે. અને એક

સંપ્રદાયની રચના કરવી, તેને કાયમ કરી પ્રચલિત કરવો, એ જુદી વાત છે. અહીં ખાસ સંપ્રદાય વિષે વાત કરવામાં આવે છે. જે આત્મવાદના મહાશાસનના તેજમાં વિક્ષેપ પાડી, અનાત્મવાદને ટેકો આપી આત્મવાદની પ્રત્યનિકતા કરી રહેલ છે. તેથી તે સંપ્રદાય આત્મવાદની દૃષ્ટિમાં વધુમાં વધુ ભયંકર છે.

દિગંબર સંપ્રદાયમાંના જૈન શાસન તરફની યત્કિંચિત્ પણ વફાદારીના જવાબદાર આગેવાનો આ બધું પોતાના સંપ્રદાયના નામે કેમ ચલાવી લે છે? તે આશ્ચર્યકારક જણાય છે. કદાચ આજના અનાત્મવાદના જમાનાના તેજથી અંજાયેલા પંડિતો અને વર્તમાન ધનિક ગૃહસ્થો, ગમે તેમ ચલાવી લે, પરંતુ, તેના મુનિઓ પોતાના સંપ્રદાયના જ નહીં, પરંતુ, પરમાત્મા વીતરાગ દેવના મહાશાસનને હાનિકારક આ વસ્તુ કેમ ચલાવી રહેલા હશે? તે પણ એક ગંભીર પ્રશ્ન છે.

આ વસ્તુ ખંડન-મંડનની ઈચ્છાથી અહીં લખવામાં આવી નથી. પરંતુ કોઈપણ નવો પંથ કે સંપ્રદાય જુદો પડે, તે શાસનના તેજને હણીને વિશ્વકલ્યાણના માર્ગમાં મહા અનર્થ ઊભો કરે છે, તે સમજાવવાનો આશય છે. પછી, તે સંપ્રદાય ગમે તેટલા ઉચ્ચ કોટિના બીજા ગુણો ધરાવવાનો સંપ્રદાય દાવો કરતો હોય તે નકામો હોય છે. મહાશાસનમાં રહીને પોતાના ઉચ્ચ ગુણો તે ધરાવી શકે છે.

આજે તેઓ સામે જે જે દલીલો કરવામાં આવે છે તેને સીધા નહીં, પણ પોતાના વાજિંત્રના છાપા મારફત મનમાન્યા જવાબ દેવામાં તેઓ પોતાની નબળાઈ, શાસન તરફની બિનવફાદારી, પોતાનું વાસ્તવિક સમજ વિષેનું અજ્ઞાન, દુરાગ્રહ અને ઉન્માર્ગની સૂગ પણ ન હોવાનું, સાબિત કરે છે. આથી વિશેષ તેમાં કાંઈપણ રહસ્ય જણાતું નથી. જે વખતે જે પંથ ચલાવે, તેનો પંથ ચાલતો હોય છે. "દુનિયા ઝુકતી હોય છે, ઝુકાવનાર જોઈએ." દરેકને ચેલા, અનુયાયિઓ, સહાયકો મળી શકે છે. પડતા કાળની અસરનું આ પરિણામ છે. પરંતુ, નવો સંપ્રદાય ઉભો કરનારા એટલું જોઈ શકતા નથી કે, "મહાશાસનના એક તણખલા ભાર જેટલી પણ સાંગોપાંગ નવરચના વર્તમાન માનવથી શકય નથી. તો પછી મહાશાસનની સામે સ્વતંત્ર નવરચના કરવાનો, યા નવીન રીતે શાસન સ્થાપવાનો, યા શાસનને સર્વથા ઝીલી લઈ સર્વથા એકલે હાથે ચલાવવાનો દાવો શી રીતે કરી શકાય? તેવો દાવો કરવો, એ આંગળીથી અનંત આકાશ માપવા બરાબર છે."

આમ સમજી ન શકતા હોવાથી - અર્થાત્ મહાશાસનની ભવ્યતાની તેમને કલ્પના જ નથી. ક્ષુદ્ર જંતુને જેમ વિરાટ વિશ્વની કલ્પના નથી હોતી, તેમ સંપ્રદાય કાઢવાની મુગ્ધતા મહાશાસનની ભવ્યતા અને મહત્તાની કલ્પના પણ કરવા દે નહીં, એ સ્વાભાવિક છે. તેમ જ પરંપરાગત ગુરુગમ વિના તેની ઝાંખી કરવાનો પણ પ્રસંગ આવ્યો નથી હોતો. સંપ્રદાયો પોતપોતાના સંપ્રદાયની વિશિષ્ટતા અને ત્યાગ - વૈરાગ્ય કે ઉંચી ક્રિયા કે ઉંચી ભાવનાના ગાણા ગાવામાંથી નવરા થતાં જ નથી. મહાશાસન તરફની જવાબદારી જેવી ચીજ તેમને માથે હોય, તેની કલ્પના પણ તેઓના મનમાં નથી હોતી. સર્વથા ઉપેક્ષાવૃત્તિથી જ બેફામ આજે વર્તવામાં આવે છે.

જૈન મુનિ પાંચ મહાવ્રત, પાંચ આચાર, આઠ પ્રવચન માતાનું પાલન કરે અને મૂળ ગુણ તથા ઉત્તર ગુણનું અતિચારથી સંભાળીને પાલન કરે, તેટલાથી જ તેમના જૈન મુનિજીવનની સમાપ્તિ થતી નથી - પરંતુ, તેમના માથા ઉપર ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના મહાશાસનની વિવિધ જવાબદારીઓ આવી પડી હોય છે. તેની દીક્ષાના સમયથી જ તેના માથા ઉપર જગત્માં કોઈનેય ઉપાડવી ન પડે, તેવી અતિ મહાનમાં મહાન જવાબદારીઓ આવી ચૂકી હોય છે. વર્તમાન ચોવીશીમાંના કે ગત ચોવીશીમાંના ભૂતકાળના વહીવટની જવાબદારી વર્તમાનકાળમાંની ચાલુ જવાબદારી, ભવિષ્યની જવાબદારી, પણ તેમને માથે આવી ચૂકી હોય છે. તે સર્વથી દૂર થઈને - ત્યાગીપણું આગળ કરીને યા આત્મધ્યાનીપણું આગળ કરીને જેઓ તે જવાબદારીઓની ઉપેક્ષા કરે છે, તેના જેવું ઘોર મિથ્યાત્વ બીજું કયું હોઈ શકે? શાસનની વફાદારી ધરાવવાનો દાવો કરનાર માટે એ જરા પણ ચલાવી લેવા જેવું ગણી શકાય?

સંપ્રદાય કાઢવા કરતાંયે મહાશાસન તરફની વફાદારીની ઉપેક્ષા - એ મોટામાં મોટો અપરાધ, ને

સમ્યગ્દર્શનના અનાચાર, રૂપ હોય, તેમાં શંકા શી રહે છે? આ વસ્તુ તરફ સૌનો સચોટ ખ્યાલ ખેંચવા માટે અમે આ પ્રસંગે આ વસ્તુનો વિચાર જરા કડક ભાષામાં કર્યો છે.

સ્થાનકવાસી સંપ્રદાયના મૂળભૂત વફાદાર આગેવાનોએ મહાશાસન તરફની વફાદારી સમજીને જલ્દી મહાશાસનની નજીક આવવાની જરૂર છે. કેમ કે શાસનથી જુદા પડયા પછી તેણે કોઈપણ સારું ફળ મેળવ્યું નથી. વ્યવસ્થા અને શાસનની શિસ્ત જાળવી શકેલ નથી. આજે તેરાપંથ - અને કાનજીપંથ તેમની અશક્તિને લીધે પ્રચાર પામતા જાય છે તથા વર્તમાન જમાનાની પ્રગતિને નામે વર્તમાન શ્રાવકવર્ગ વધુમાં વધુ અનાત્મવાદના જીવન તરફ જેટલા પ્રમાણમાં સ્થાનકવાસી દોરાય છે, તેટલા બીજા દોરાતા નથી. વળી સાધુની ગેરહાજરીમાં શ્રાવકોને ભગવાન યાદ કરવાનો કે ધર્મ કરવાનો પ્રસંગ જ રહેતો નથી. (ત્યારે શ્વેતાંબર - દિગંબરને તો મંદિરને અંગે કોઈક પણ આલંબન રહે છે) તથા શ્વેતાંબર માન્ય આગમો તરફ ગમે તેમ બોલવાની લખવાની છૂટ પણ નિરંકુશપણાને લીધે વધતી જાય છે, એ નવું નુકસાન થાય છે. શ્રાવક વર્ગ જ ધર્મતંત્રમાં સત્તાધીશ બનતો જાય છે અને ગુરુવર્ગનું વર્ચસ્વ નામનું જ રહેવા લાગ્યું છે. આમ શાસનની નિરંકુશતા વધવાથી શાસનને કેટલું નુકસાન થાય છે. ખાવું નહીં ને ઢોળી નાંખવા જેવું થાય છે. તે વેળાસર સમજીને પરમાત્માના શાસનની વફાદારી જલદી ધારણ કરવાની જરૂર છે. નહિતર અનર્થો પરંપરા અને વિશ્વ અશાંતિ અટકશે નહીં.

આજે અનાત્મવાદ આત્મવાદના નાટકી વેશ ભજવીને ભૂલામણીમાં લોકોને પાડે છે. તેનાથી ચેતવાનું બનતું નથી. સ્થાનકવાસી સંપ્રદાયના શ્રાવકો સૌથી પહેલાં ફસાઈ જાય છે. અને પછી બીજા પણ ફસાય છે. આમ ફસામણીની પરંપરા શાસનના મહાતેજને ઉત્તરોત્તર હાનિ કરવામાં પરિણમે છે અને અનંત જીવોનું આડકતરું અકલ્યાણ થાય છે.

પહેલેથી જ દિગંબર સંપ્રદાય દૂર પડી ગયો છે. પરંતુ, સ્થાનકવાસી સંપ્રદાયની શાસ્ત્રીય વફાદારી કેટલેક અંશે સમાન હોવાથી તેમણે વહેલામાં વહેલી તકે ચેતી જઈ મૂળ શાસનની વફાદારીની તરફ આવી જવાની જરૂર છે. પછી દિગંબરોને, અને પછી અન્ય ધર્મોના ક્ષેત્રોનો સહકાર લઈ શકાય. નહિતર વર્તમાન અનાત્મવાદ આત્મવાદને પારાવાર ફટકો માર્યા વિના રહેશે નહીં, એ બરાબર સમજી રાખવાનું છે. અને તે ખાતર મૂળ શાસનને મચક આપવાનું કરવું કે તેને નીચું ઉતારવું એ તો એવો જ જોખમકારક રસ્તો છે. ધર્મના સર્વ અંગોનો આધાર જૈન શાસન છે. આ વસ્તુ પ્રથમ દરેકે મનથી સાચા સ્વરૂપમાં સમજવી જોઈએ. તો જ આ સત્ય સમજાય તેમ છે.

આ ઉપરથી મહાશાસન તરફની ફરજ કેટલી મહાનમાં મહાન છે તથા તેની તરફ વફાદારી રાખવા ઈચ્છતા આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય મહારાજાઓ, પદવીધર મુનિ મહાત્માઓ અને શ્રમણ મહાત્માઓની કેટલી ભવ્ય જવાબદારીઓ છે તે સમજી શકાશે. જે જવાબદારી સંઘ નાયકની છે તે જ જવાબદારી દરેક મુનિની છે. કેમ કે દરેકે તે સ્થાનને લાયક સૌથી મુખ્યપણે તૈયાર થવું જ જોઈએ, કેમ કે - એ ગુરુકુળ સંસ્થા જ શ્રીસંઘનું કેન્દ્ર છે. તેની આજુબાજુના બીજા બધા અંગ પ્રત્યંગો છે. અને મહાશાસનની વ્યવસ્થાનું કેન્દ્ર શ્રીસંઘ છે. વિશ્વની માનવીય વ્યવસ્થાનું કેન્દ્ર શ્રી મહાશાસન છે, આ વસ્તુસ્થિતિ છે, તે ધ્યાનમાં લેવા જેવી છે.

જગત્‌માં આજ વિશ્વયુદ્ધનું કારણ જ આ છે કે, અનાત્મવાદ પોતાના માર્ગમાં આત્મવાદને વિઘ્નરૂપ જુવે છે. તેથી તેને હઠાવવા માટે તે તનતોડ પ્રયત્નો કરે છે. પણ, તે આ મહાશાસન સાથે ટકરાય છે. પરંતુ અપ્રતિહત એવું શાસન મચક આપે તેમ નથી. કેમ કે, તે સહજ રીતે જ વિશ્વવ્યાપક ઉંડા મૂળ ઘાલીને રહેલું છે.

છતાં ખૂબી એ છે કે - અનાત્મવાદ આત્મવાદનો અંચળો - વેશ પહેરીને, આત્મવાદીઓને ધાર્મિક લાભો બતાવીને આત્મવાદની છાવણીમાંથી આત્મવાદીઓને અનાત્મવાદ પોતાની છાવણીમાં લઈ જઈને, તેઓને આત્મવાદના વાઘા પહેરાવીને, જમાનાને નામે પરિવર્તન કરવા આત્મવાદીઓની સામે જ લડતમાં ઉભા રાખે છે. આ વાત ખુદ્દ અજ્ઞાન આત્મવાદીઓ જોઈ શકતા નથી. અને "પ્રગતિ, જમાનો, પરિવર્તન," વિગેરેના નશામાં ચકચૂર થઈ

ઘુમ્યા કરે છે. તે વિશ્વકલ્યાણના અચળ માર્ગમાં મહાવિઘ્ન સમાન બની જાય છે. તેથી આ મહાશાસનના સાચા વફાદારોની ફરજ અને કર્તવ્ય સર્વાત્મના તન્મય બનવા સિવાય બીજું છે જ નહિં. તન - મન - આત્મા, દિનરાતને જીવનભર તેને જ સમર્પિત હોવા જોઈએ. તે સિવાય બીજું કાંઈ તેની નજરમાં કે મનમાં હવું જ ન જોઈએ. એને જ સર્વકાળમાં અને સર્વક્ષેત્રમાં વ્યાપક પરમબ્રહ્મ સમાન સમજવું જોઈએ. તેને સર્વસ્વ સમર્પણ તેનું જ નામ જૈન દીક્ષા છે.

આજના રાષ્ટ્રવાદે - શ્રી તીર્થંકર સ્થાપિત મહાશાસન સંસ્થાનું અને તેના સંચાલક શ્રી સંઘનું અસ્તિત્વ જ ન હોય, એવું જાહેર વાતાવરણ સર્જ્યું છે. અને તે, તે શાસનના મુખ્ય જવાબદારોનેય પચી જતું હવ, તેમ જોવામાં આવે છે.

પરંતુ, "(૧) શાસન - અનુશાસન, શિસ્ત નિયંત્રણ વિના કોઈ પણ તંત્ર નભી શકે નહીં. માટે નિયંત્રણ તો જોઈએ જ અને જયારે બીજું કોઈ નિયંત્રણ નથી ત્યારે સરકારનું નિયંત્રણ આવશ્યક છે. (૨) સરકારી નિયંત્રણ તો સરકારી અમલદારો અને સરકારી તંત્ર જ રાખી શકે. તેને માટે માર્ગદર્શક કાયદા જોઈએ જ અને કાયદામાં થતી ગેરસમજ કે - (૩) તેના ભંગથી થતો અન્યાય દૂર કરવા માટે - (૪) સરકારી ન્યાયખાતાનો અંકુશ જોઈએ જ. (૫) મિલકતની માલિક કોઈ પણ વ્યક્તિ નથી, તો પછી તેના ઉપર જાહેર પ્રજાની માલિકી ગણાય. (૬) જાહેર પ્રજા વતી પ્રજાકીય સરકારની માલિકી ગણાય. (૭) સરકાર સિવિલાઈઝ પ્રજાના સિદ્ધાંતો ઉપર રચાયેલી હોય ને આદર્શ ગણાય, એટલે (૮) સરકારથી પણ તે આદર્શ જ શ્રેષ્ઠ ગણાય. (૯) માટે - બધી મિલકતો તે આદર્શની જ ગણાય. પરંપરાએ તે આદર્શના ઉત્પાદક, તેના પ્રચારક, સંચાલક અને રક્ષક, શક્તિશાળી માનવો જ તે આદર્શના સત્તાધિકારી ગણાય. (૧૦) એ રીતે પરંપરાએ સર્વ માલિકી હક્ક - તેવા માનવોના જ ગર્ભિત રીતે ગોઠવાઈ જાય છે. (૧૧) તેમની ઈચ્છા, તેમના બહુમતના ઠરાવો, એ જ છેવટે સર્વોપરી બની બેસે છે."

આમ થવાથી મહાશાસનનો માલિકી હક્ક ઉઠી જતાં - શ્રીસંઘ -શાસ્ત્રો - ગુરુઓ - તીર્થંકરો, તેની સાથે સંબંધ ધરાવતી બીજી સંસ્થાઓ, કે કોઈપણ તત્ત્વો - આદર્શો - ભાવનાઓ - વિગેરે આપોઆપ વિલીન થવાની સ્થિતિમાં મૂકાઈ જાય છે. "અનાત્મવાદનો આદર્શ જ માનવજીવનની ઉન્નતિનું - પ્રગતિનું કારણ છે." એમ મનાઈ જતાં અનાત્મવાદના તમામ સાધનો રુચિપૂર્વક વ્યાપક થતાં, તેને લગતા વિજ્ઞાનો જ સાચા ઠરતાં, આદરણીય ઠરતાં અને આખા જગત્‌ની માનવજાતનો ઝોક એ તરફ વાળી દેવામાં આવતાં, આત્મવાદના સર્વ શાસ્ત્રો આપોઆપ ખોટા ઠરી જાય છે. તેના સાધનો આપોઆપ ખોટા ઠરી જાય છે. આધુનિક પ્રગતિનો પંથ તેજ આત્મવાદને અદૃશ્ય કરવાનો પંથ, આ સીધો હિસાબ છે. પુરાતત્ત્વ સંશોધનની મદદથી, આત્માના સાહિત્યમાંથી અનાત્મવાદને પોષક તત્ત્વો શોધી લીધા પછી, ખોખાં કરીને તેને ફેંકી દેવાના હોય છે. તે ફેંકી દેતાં પહેલાં સારી રીતે વૈજ્ઞાનિક સાધનોથી તેનું રક્ષણ કરવા માટે પ્રથમ કબજો લેવાની ગોઠવણ, પ્રાચીનતાપ્રિય સહાનુભૂતિભર્યો પ્રચાર કરવામાં આવે છે કે - "લોકો પ્રાચીન વસ્તુઓને બરાબર સાચવતા નથી, બરાબર સંશોધન કરતા નથી", માટે સરકાર કબજો લઈને પોતાના દેશનું પ્રાચીન સાહિત્ય સાચવવાની ફરજ બજાવે છે. તેમાં સુજ્ઞ ધાર્મિકોએ સહકાર આપવો જોઈએ અને સંશોધકોએ સંશોધન કરવા આગળ આવવું જોઈએ. સરકાર તેને ઉત્તેજન આપવા તૈયાર છે."

પરંતું સંશોધકો ઉપર એકાએક ધાર્મિક લોકો વિશ્વાસ કરતા નથી. એટલે પ્રથમ તથા - પ્રકારના વિચારવાળા, આધુનિક ઢબે સંશોધન પસંદ કરનારા ધર્મગુરુઓ પ્રથમ ધાર્મિક હેતુઓથી સંશોધન કરે - છપાવે - ભાષાંતરો કરે. એ પ્રવાહ એક તરફ ચાલે, ત્યારે બીજી તરફથી સરકારી મદદથી સંશોધકો અનાત્મવાદની દૃષ્ટિથી સંશોધન કરે. જેને "આધુનિક સંશોધન પદ્ધતિ"નું રૂડું નામ આપવામાં આવ્યું છે. પદ્ધતિ સામે કોઈનોય વાંધો નથી. વાંધો આત્મવાદના સાહિત્યનો અનાત્મવાદના આદર્શ ખીલવવા માટે ઉપયોગ કરવાનું ધ્યેય છે, તેની સામે છે. પરંતુ આ કોણ સમજે? એમ ધર્મગુરુઓના પડદા પાછળ નવીન આદર્શ પ્રમાણેના સંશોધકો ધીમે ધીમે આગળ આવતા જાય. એક વખત તેની ધાર્મિકોમાં પ્રતિષ્ઠા જામ્યા પછી, ધાર્મિક લોકોનું વલણ પણ તે તરફ જ વળી જાય. તેમાં જ ધર્મનું હિત જુવે. ખૂબ ચુસ્ત ધાર્મિકો ને સંતોષ આપવા "ધર્મની માન્યતાની વચ્ચે અમુક અમુક

કારણો સિવાય ન આવવું" એમ ઠરાવીને, "પરંતુ ખાસ કારણે અને સોશ્યલ સુધારા માટે વચ્ચે આવવું," એમ ઠરાવીને, "અવસરે મજબૂત હાથો ધાર્મિક પ્રવૃત્તિની વચ્ચે આવી જ શકે" તેવી ગોઠવણ કરી છે. છતાં - ધર્મની માન્યતામાં વચ્ચે ન આવવું તે એક કામચલાઉ આશ્વાસનં માત્ર છે. પરિસ્થિતિને પહોંચી વળવા પૂરતું જ છે. આ રીતે શ્રી દુપ્પસહ સૂરિ સુધી ચાલનાર શાસનના જાહેર તેજ ઉપર અંધારપછેડો પડતો જાય તે કેટલું ભયંકર વિઘ્ન વિશ્વકલ્યાણમાં છે? તે વિચારવા જેવું છે. ધાર્મિક પ્રજા - શાસનને ભૂલતી જાય પણ ધર્મના મોટા મોટા કાર્યો કરે, કડક રૂપમાં ધર્મ પાળે, તેને સારી ઉત્તેજના મળે તેમ તેમ ધાર્મિક લોકોની પણ શાસન તરફની ઉપેક્ષામાં વધારો થતો જાય. શાસનને નજર આગળથી અદૃશ્ય થવામાં સહકાર આપે છે. આ ઘણું જ ઊંડુ રહસ્ય છે. ધાર્મિક આચાર, જ્ઞાન, તપ, ઓચ્છવ, મહોચ્છવ, પદવી પ્રદાન, વ્યાખ્યાન, ઉપદેશ, શ્રવણ, વધ્યે જ જાય, તેમાં કોઈ વચ્ચે ન આવે, ઉલટામાં તેને ઉત્તેજન અપાતું રહે અને શાસનનું અસ્તિત્વ જ ભૂલાતું જાય. વ્યવહારમાં તેના વિના નભતું જાય તો, પરિણામે જમા કરતાં ઉધાર વધારે જ થાય એ સ્વભાવિક રીતે જ હવે સમજાય તેમ છે. કારણ કે, એ સર્વ ધર્મપ્રવૃત્તિનું મૂળ તો મહાશાસન છે - સંસ્કૃતિનું મૂળ પણ મહાશાસન છે. તે નહીં તો કાંઈ પણ નહીં. આ વસ્તુસ્થિતિ છે તે વાત ભૂલાતી જાય છે.

આ સ્થિતિમાં - વિશ્વમાં સાચી વિશ્વશાંતિ ટકાવવી હોય, સ્થાપવી હોય, તો તે જ એક આધારભૂત છે. માટે તેને માટે જ સર્વસ્વનો ભોગ આપવો જોઈએ. તેને માટે જ મહાગુરુકુળવાસની સંસ્થા અતિ મજબૂત થવી જોઈએ. તેમાં જ જીવન સર્વસ્વ હોમનારા અને મહાપવિત્રતાથી તેની પ્રતિષ્ઠા ટકાવી રાખનારા પાત્રોની તેમાં ભરતી થવી જ જોઈએ. ઉપરાંત, તેમાં દાખલ થયેલાઓએ બીજા કોઈ ખાતર નહીં પણ - તે મહાશાસન ખાતર - તેના મોભા ખાતર તેની પ્રતિષ્ઠા જાહેરમાં ટકાવી રાખવા ખાતર, તેના પ્રભાવ ખાતર, મહાગુરુકુળવાસની સધ્ધરતા ટકાવવા ખાતર, વિશ્વમાં તેની અનન્ય કલ્યાણકતા પૂરવાર કરવા ખાતર પણ પોતાના જીવનોને ગુપ્ત રીતે, કે જાહેર રીતે, લેશ પણ ડાઘ વગરના, લેશપણ નબળાઈથી વાસિત ન રાખતાં, ખૂબ ચમકતા, ખૂબ દેદિપ્યમાન - ખૂબ જ ઉજ્જવળ - ખૂબ શૌર્યભરેલા, ખૂબ વીર્યોલ્લાસથી થનગનતા રાખવાની સહજ રીતે જ આવશ્યકતા જણાય તેમ છે. પારલૌકિક હિત તો તેની સાથે અનિવાર્ય રીતે જોડાયેલું છે જ. ધર્મ કરતાં પણ શાસનની વફાદારી વિશિષ્ટ વસ્તુ છે.

મહાશાસનનું જગત્‌માં અસ્તિત્વ છે. તેથી શિસ્તનું વધુમાં વધુ પાલન કરવામાં તત્પર રહેવા સિવાય બીજો કલ્યાણનો ઉપાય નથી. તેના અસ્તિત્ત્વની હર હાલતમાં જાહેરાત - હર પ્રસંગમાં તેની તાજી ને તાજી યાદ જગત્‌ના સર્વ માનવોને કરાવતા રહેવાની જવાબદારી છે. તેના અમલી નિયમોની વફાદારીની જાહેરાત થતી રહે, તેવું કરવાની જવાબદારી અદા કરવી જ જોઈએ. આ કાર્યનો પડઘો જૈન સંઘમાં જ નહીં, ભારતની પ્રજામાં જ નહીં, પણ તેના કેન્દ્રમાં એવું સંચાલન રહે કે - જગત્‌માં તેનો સહજ પડઘો પડે. જગત્ મહાશાસનનું અસ્તિત્વ સ્વીકારતું થાય. પરંતુ તે સ્વીકાર જાળરૂપ - માયારૂપ ન હોવો જોઈએ. કેમ કે - તે લોકો શાસનનો કબજો મેળવવા, તેમાં પ્રવેશ કરવા માટે પૂર્વ તૈયારી કરી રહ્યા છે.

યતિઓના કાર્યમાં - જ્ઞાન અને ચારિત્રનો પ્રકાશ ઓચ્છો જણાતો હતો. પરંતુ તેઓ જૈન શાસનના મુખ્ય મુખ્ય પ્રતીકોને બરાબર પકડી રહ્યા હતા. તેથી તેમના હાથમાંથી તે છોડાવવા માટે ઘણા આડકતરા પ્રયાસો કરવા પડયા છે. અને તેમાં ભૂલથી શ્રી સંઘમાંથી જ ઘણી વ્યક્તિઓનો સાથ ભળ્યો છે. આજે હવે ચેતી જવાની જરૂર છે. નિર્ભય રીતે શ્રી જૈન શાસનનું તેજ ટકાવવાની જરૂર છે. તે કાળે સંપ્રદાયો ગમે તેટલા જુદા હતા, છતાં શાસનના તેજને આધીન હતા. દિગંબર સંપ્રદાયના ડાહ્યા પુરુષો ત્યાં સુધી જુદા નહોતા પડયા. મહાતીર્થોમાં જુદા મંદિરો, ધર્મશાળાઓ કરી જુદા ચોકા નહોતા માંડયા. બીજા સંપ્રદાયોને તો શાસનની વચ્ચે આવવાની પડી જ નહોતી.

શ્રી દુપ્પસહ સૂરિ સુધી ટકનાર મહાશાસન તરફની આપણી શી શી ફરજો છે? તેની તો કલ્પના પોતપોતાની બુદ્ધિથી સૌ કરી લે, તે જ યોગ્ય છે. શબ્દથી તેનું વર્ણન કરવું અમારી શક્તિ બહારનું કામ છે.

**જૈનં જયતિ શાસનમ્**